# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૮ માર્ચ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૪ | અંક : ૨૫૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### રાજનાથ સિંહે યુએસ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડને કરી અપીલ

# અમેરિકા ખાલિસ્તાની આતંકી સંગઠન સામે કડક કાર્યવાહી કરે : રાજનાથસિંહ

## ગબાર્ડે ટેરિફ મુદ્દે જણાવ્યું કે આ નિર્ણયને સકારાત્મક રીતે જોવાની જરૂર છે : તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે, વડાપ્રધાન મોદી ભારતની અર્થવ્યવસ્થા અને ભારતીયોના હિત માટે વિચારશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

યુએસ ઈન્ટેલિજન્સ ચીફ તુલસી ગબાર્ડ દિલ્હી મુલાકાતે છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ગબાર્ડ સાથે મુલાકાત કરી પ્રતિબંધિત ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)ની ભારત વિરોધી ગતિવિધિઓનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આતંકવાદી સંગઠન સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.

રાયસીના ડાયલોગમાં ભાગ લેવા આવેલા તુલસી ગબાર્ડ સમક્ષ રક્ષા મંત્રીએ ગુરપતવંતસિંહ પન્નુના નેતૃત્વ હેઠળ ચાલી રહેલા SFJ પર ભારતની ચિંતા વ્યક્ત કરી હતી કે, ભારત સતત ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસ વિરૂદ્ધ મજબૂત ગ્લોબલ એક્શન લેવા દબાણ કરી રહ્યું છે. આ સંગઠન ભારતમાં પ્રતિબંધિત છે, પરંતુ વિદેશોમાં હજુ એક્ટિવ છે.



વધુમાં રાજનાથ સિંહે કહ્યું છે કે, ગબાર્ડનું આ પગલું ખાલિસ્તાની અલગાવવાદીઓનો મુકાબલો કરવા અને આતંકી ફંડિંગ અટકાવવામાં વૈશ્વિક સહયોગની શોધ કરતાં ભારત માટે લાભદાયી છે. રક્ષા મંત્રીએ SFJ ના પાકિસ્તાન સ્થિત આતંકી નેટવર્ક સાથે જોડાણ અંગે માહિતી ગબાર્ડને આપી હતી. ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ ગતવર્ષે નવેમ્બરમાં પન્નુની હત્યાના ષડયંત્રમાં ભારતીય સરકારી અધિકારીની સંડોવણી હોવાનો આરોપ મૂક્યો હતો. જો કે, ભારતે પન્નુની હત્યાના કથિત પ્રયાસમાં પોતાની કોઈપણ ભૂમિકા ન હોવાની સ્પષ્ટતા આપી હતી. શીખ ફોર જસ્ટિસના નેતા પન્નુ પાસે અમેરિકા અને કેનેડા એમ બે દેશોની ડ્યુઅલ સિટિઝનશીપ છે. તે આતંકવાદના આરોપો હેઠળ ભારતમાં વોન્ટેડ અપરાધી છે. તેને આતંકવાદ વિરોધી કાયદા હેઠળ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો.

તુલસી ગબાર્ડે ટેરિફ મુદ્દે જણાવ્યુ હતું કે, આ નિર્ણયને સકારાત્મક રીતે જોવાની જરૂર છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી કે, વડાપ્રધાન મોદી ભારતની અર્થવ્યવસ્થા અને ભારતીયોના હિત માટે વિચારશે. પરંતુ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પણ અમેરિકા અને અમેરિકન્સના હિતમાં નિર્ણય લઈ રહ્યા છે. બંને દેશના નેતા આ મામલે સમાધાન કરવા તરફ આગળ વધી રહ્યા છે. ભારતના ત્રણ દિવસીય પ્રવાસ પર આવેલી ગબાર્ડે સોમવારે રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી ભારત-અમેરિકાના રાજકીય સંબંધોને ગાઢ બનાવવા, વિશેષ રૂપે રક્ષા અને સુચના આપવા મુદ્દે ધ્યાન કેન્દ્રિત કરતાં ચર્ચા કરી હતી.

---

### જંતર-મંતર પર નેતાઓનો જમાવડો

# વક્ફ બિલ મુદ્દે મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના મોટા પાયે દેખાવો

## કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, ઈમરાન મસૂદ અને અસદુદ્દીન ઔવેસી જેવા દિગ્ગજ જંતર-મંતર પહોંચ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના બેનર હેઠળ વક્ફ (સંશોધન) બિલ સામે વિરોધમાં અલગ-અલગ મુસ્લિમ સંગઠનોના પ્રમુખ અને રાજકીય પાર્ટીના સાંસદ અને વરિષ્ઠ નેતાઓએ જંતર-મંતર પર પહોંચવાનું શરુ કરી દીધું હતું. આ દરમિયાન ઝમીયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહેમૂદ મદની, કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, ઈમરાન મસૂદ અને અસદુદ્દીન ઔવેસી જેવા દિગ્ગજ જંતર-મંતર પહોંચ્યા છે.

AIMPLBના ધરણા પર પ્રતિક્રિયા આપતાં વક્ફ JPC અધ્યક્ષ અને ભાજપ સાંસદ જગદંબિકા પાલે કહ્યું કે, 'જંતર-મંતરનો વિરોધ, રાજકીય પ્રેરિત છે. આ વિરોધ સુનિયોજીત પ્રકારે કરવામાં આવી રહ્યો છે, જે રાજકીય ઘર્ષણના કારણે છે. વિપક્ષના લોકો તુષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યા છે. તેમણે AIMPLBને સવાલ પૂછતા કહ્યું કે, કઈ વાતને લઈને વિરોધ થઈ રહ્યો છે? અમે ૪૨૮ પેજનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો છે. તેમણે રિપોર્ટ વાંચ્યો નથી. કલેક્ટરના મામલે સવાલ કરવો ઠીક નથી.' જગદંબિકા પાલે દાવો કર્યો કે, આ બિલ ગરીબ મુસ્લિમ અને




પસમાંદા મુસ્લિમ માટે છે. જ્યારે બેઠક થઈ રહી હતી તો તેમાં ઑલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડના લોકોને પણ બોલાવવામાં આવ્યા હતા, તમામ સ્ટેઈક હોલ્ડર સામેલ હતા, તેમ છતાં વિરોધ કરવો યોગ્ય નથી. આ મુદ્દે રાજકારણ કરવામાં આવી રહ્યું છે. આ કાયદાને લઈને ભ્રમ પેદા કરવામાં આવી રહ્યો છે. દેશના લોકોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે. દેશ અને રાજ્ય કાયદાથી ચાલે છે. ૩૭૦ સમયે પણ લોહીની નદીઓ વહેવાની વાત કરવામાં આવી હતી પરંતુ, જમ્મુ-કાશ્મીરમાં એવું કંઈ ન થયું. ત્રિપલ તલાકના સમયે પણ જંતર-મંતર પર વિરોધ કરવામાં આવ્યો હતો. જેમ પહેલાંના સંશોધન દેશના ભલા માટે કરવામાં આવ્યા હતા તેમ વક્ફ પણ દેશના ભલા માટે કરવામાં આવી રહ્યું છે.

---

## શેરબજારમાં હરિયાળી જોવા મળી, સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

ટ્રેડિંગ સપ્તાહના પહેલા દિવસે શેરબજાર ગ્રીન ઝોનમાં વધારા સાથે બંધ થયું. બીએસઈ પર સેન્સેક્સ ૩૪૧ પોઈન્ટના વધારા સાથે ૭૪૧૬૯.૯૫ પર બંધ થયો. તે જ સમયે NSE પર નિફ્ટી ૦.૫૦ ટકાના વધારા સાથે ૨૨,૫૦૮.૭૫ પર બંધ થયો હતો. આજના ટ્રેડિંગ દરમિયાન, બજાજ ફિનસર્વ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, ડૉ. રેડ્ડીઝ લેબ્સ, ટ્રેન્ટ, એક્સિસ બેંકના શેર નિફ્ટીના ટોપ ગેઈનર્સની યાદીમાં સામેલ હતા. જ્યારે બ્રિટાનિયા, હીરો મોટોકોર્પ, વિપ્રો, બીપીસીએલ, નેસ્લેના શેર ટોચના ઘટાડાવાળા શેરોની યાદીમાં સામેલ હતા. જેમાં ૧૩ મુખ્ય ક્ષેત્રોમાંથી અગિયારમાં વૃદ્ધિ જોવા મળી, જેમાં નાણાકીય ક્ષેત્ર ૦.૫ ટકા વધ્યું, જેનું નેતૃત્વ ખાનગી ધિરાણકર્તાની નાણાકીય સ્થિરતા અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ખાતરી આપવામાં આવ્યા પછી ઈન્ડસઈન્ડ બેંકમાં ૩.૫ ટકાનો વધારો દર્શાવે છે. વ્યાપક સ્મોલ-કેપ અને મિડ-કેપ સૂચકાંકો પણ લગભગ ૦.૩ ટકા વધ્યા હતા.

---

## જથ્થાબંધ મોંઘવારીએ માઝા મૂકી, WPI બે માસની ટોચે

### રિટેલ મોંઘવારી ફેબ્રુઆરીમાં ૩.૬ ટકા સાથે સાત માસના તળિયે પહોંચી : ખાદ્ય ચીજોના રિટેલ ભાવ ૨૧ માસના તળિયે નોંધાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

દેશમાં ફરી એકવાર મોંઘવારીએ માઝા મૂકી છે. ફેબ્રુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી ૨.૩૮ ટકા વધી બે માસની ટોચે પહોંચી છે. જે જાન્યુઆરીમાં ૨.૩૧ ટકા નોંધાઈ હતી. મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સના ભાવમાં વૃદ્ધિ નોંધાતા જથ્થાબંધ મોંઘવારી વધી છે. સરકારી આંકડાઓ અનુસાર, એકબાજુ રિટેલ મોંઘવારી ફેબ્રુઆરીમાં ઘટી હતી. જ્યારે આજે જાહેર કરવામાં આવેલા ડેટામાં જથ્થાબંધ મોંઘવારી બે માસની ટોચે નોંધાઈ છે. આ બંને આંકડામાં આ વિરોધાભાસ પાછળનું કારણ ખાદ્ય ચીજોના ભાવ છે. રિટેલ મોંઘવારીમાં ખાદ્ય ચીજોના ભાવનું વેઈટેજ ૫૦ ટકા છે, જ્યારે જથ્થાબંધ મોંઘવારીના ઈન્ડેક્સમાં મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો હિસ્સો ૨/૩ છે. રિટેલ મોંઘવારી ફેબ્રુઆરીમાં ૩.૬ ટકા સાથે સાત માસના તળિયે પહોંચી હતી. ખાદ્ય ચીજોના રિટેલ ભાવ ૨૧ માસના તળિયે નોંધાયા હતાં. કોર ઈન્ફ્લેશન સાત માસમાં અત્યંત ઝડપે વધ્યું છે.

---

# યુવરાજસિંહ ચાલુ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી સાથે બાખડ્યો

## ઓલરાઉન્ડર યુવરાજ સિંહ વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ફાસ્ટ બોલર ટીનો બેસ્ટ સાથે બાખડી પડ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ઈન્ટરનેશનલ માસ્ટર્સ લીગ ૨૦ની ફાઈનલમાં ઈન્ડિયા માસ્ટર્સનો ઓલરાઉન્ડર યુવરાજ સિંહ વેસ્ટ ઈન્ડીઝના પૂર્વ ફાસ્ટ બોલર ટીનો બેસ્ટ સાથે બાખડી પડ્યો હતો. અમ્પાયરો અને કેપ્ટને સાથે મળીને દરમિયાનગીરી કરવી પડી હતી.

ઈન્ડિયા માસ્ટર્સે ફાઈનલમાં વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સને હરાવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો. મેચની બીજી ઈનિંગ દરમિયાન ૧૩મી ઓવર બાદ યુવરાજ અને ટિનો વચ્ચે દલીલ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝનો ફાસ્ટ બોલર પોતાની ઓવર પૂરી કર્યા બાદ મેદાનની બહાર જવા માગતો હતો. જોકે, યુવરાજે અમ્પાયરને આ મુદ્દે જણાવ્યું અને ટીનોને મેદાનમાં પરત ફરવું, જેનાથી તે નારાજ થઈ ગયો.



પરિણામે તે યુવરાજ તરફ આગળ વધ્યો અને બંને વચ્ચે દલીલ થઈ ગઈ. બંને એકબીજા પર આંગળી ચીંધતા અને તીખા શબ્દોનો ઉપયોગ કરતા જોવા મળ્યા. પરિસ્થિતિની ગંભીરતાને જોઈને, અમ્પાયરો અને વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સના કેપ્ટન બ્રાયન લારાએ તેમને શાંત કરવા માટે દરમિયાનગીરી કરવી પડી. ત્યારબાદ અંબાતી રાયડુ યુવરાજ સિંહને અલગ કરતો જોવા મળ્યો. તેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં યુવીનો એ જ જૂનું તેવર જોવા મળી રહ્યું છે. ફાઈનલ મેચની વાત કરીએ તો વેસ્ટ ઈન્ડિઝ માસ્ટર્સે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૪૮/૭ રન બનાવ્યા. લેન્ડલ સિમન્સ (૪૧ બોલમાં ૫૭ રન) અને ડ્વેન સ્મિથ (૩૫ બોલમાં ૪૫ રન)એ શાનદાર ઈનિંગ્સ રમી. વિનય કુમારે ત્રણ વિકેટ ખેરવી હતી. ટાર્ગેટ ચેઝ કરતા ઈન્ડિયા માસ્ટર્સે ૧૭.૧ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને મેચ પોતાના નામે કરી લીધી હતી. તેંડુલકરે ૨૫ રનની ઝડપી ઈનિંગ રમી, જેમાં તેણે પોતાના જૂના ફોર્મની ઝલક બતાવી. જ્યારે રાયડુએ ૭૪ રનની શાનદાર ઈનિંગ રમી અને ટીમને જીતની કગાર પર પહોંચાડી. યુવરાજે અણનમ ૧૩ રન બનાવ્યા અને પોતાની ટીમને ૧૭.૧ ઓવરમાં ૧૪૯ રનનો ટાર્ગેટ ચેઝ કરવામાં મદદ કરી.

---

## પાકિસ્તાનમાં હાલાત બેકાબૂ, હુમલાઓ બાદ સૈનિકો ફરાર

। ઈસ્લામાબાદ, તા.૧૭ ।

પાકિસ્તાન સામે હાલમાં એક મોટું સંકટ ઊભું થયું છે. દેશની હાલની આર્થિક સ્થિતિ, વધતી અસુરક્ષા અને આંતરિક અશાંતિના કારણે પાકિસ્તાન સેના હવે તૂટી રહી છે. તાજેતરના સમાચાર મુજબ, છેલ્લા એક સપ્તાહમાં પાકિસ્તાનના આશરે ૨૫૦૦ સૈનિકોએ ફરજ છોડીને દેશમાંથી પલાયન કર્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર, જે સૈનિકોએ ફરજ છોડી છે, તેઓમાંથી ઘણા સૈનિકો સાઉદી અરેબિયા, કતાર, કૂવૈત અને યુએઈમાં મજૂરી કરવા ગયા છે.

---

## અચાનક સુનિતા વિલિયમ્સ સામે આવી ગયું એલિયન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અવકાશમાં ૯ મહિનાથી ફસાયેલા અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને પાછા લાવવા માટે ક્રૂ સાવર SpaceX ડ્રેગન કેપ્સુલ મોકલવામાં આવ્યું હતું. તો આ કેપ્સ્યુલમાં હાજર ક્રૂનું આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર એક એલિયન દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. સુનિતા વિલિયમ્સ પણ ISSમાં એલિયનને જોઈને ચોંકી ગયા હતા, જો કે પછી તે પણ હસવા લાગ્યા. ત્યારે જાણી લઈએ કે એલિયન ISS સુધી કેવી રીતે પહોંચ્યો ? હકીકતમાં આ એલિયન નાસાના અવકાશયાત્રી નિક હેગ છે. તે પહેલાથી જ ISS પર તૈનાત હતા. તેમણે એલિયન માસ્ક પહેરીને ક્રૂનું સ્વાગત કર્યું. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં હેગ એલિયન માસ્ક પહેરીને અવકાશયાનના હેચમાં પ્રવેશતા દેખાય છે. વીડિયોમાં, સુનિતા અને બુચ વિલ્મોર તેમનું સ્મિત સાથે સ્વાગત કરે છે. તમને જણાવી દઈએ કે નાસા અને સ્પેસએક્સનું ક્રૂ-૧૦ મિશન હાલમાં ISS પર છે. ક્રૂ-૧૦ અવકાશયાત્રીઓ ફાલ્કન ૯ રોકેટની ઉપર લોન્ચ કરાયેલા ડ્રેગન અવકાશયાન દ્વારા ISS પહોંચ્યા.

---

## રામ મંદિર ટ્રસ્ટે સરકારને ૪૦૦ કરોડનો ટેક્સ ચૂકવ્યો

। (એજન્સી) અયોધ્યા, તા.૧૭ ।

અયોધ્યામાં ભગવાન રામના મંદિરના નિર્માણથી અયોધ્યામાં ના માત્ર રોજગારીની તકો વધી છે, પરંતુ સરકારની આવક પણ વધી છે. તમે આ વાતનો અંદાજ એ વાત પરથી લગાવી શકો છો કે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે, છેલ્લા પાંચ વર્ષમાં સરકારને અંદાજે ૪૦૦ કરોડ રૂપિયા ટેક્સ તરીકે ચૂકવ્યા છે. ટ્રસ્ટના સચિવ સંપત રાયે રવિવારે આ માહિતી આપી હતી. અયોધ્યામાં ધાર્મિક પર્યટનમાં થયેલા વધારા વચ્ચે આ ચુકવણી કરવામાં આવી છે. પીટીઆઈના અહેવાલ મુજબ, સંપત રાયે કહ્યું કે, આ રકમ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૦ અને ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ વચ્ચે જમા કરવામાં આવી હતી. તેમાંથી રૂ. ૨૭૦ કરોડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) તરીકે ચૂકવવામાં આવ્યા હતા, જ્યારે બાકીના રૂ. ૧૩૦ કરોડ અન્ય ટેક્સ કેટેગરીમાં જમા કરવામાં આવ્યા હતા. રામ મંદિરના નિર્માણ સાથે, અયોધ્યામાં શ્રદ્ધાળુઓ અને તીર્થયાત્રીઓની સંખ્યામાં દસ ગણો વધારો થયો છે, જે તેને એક મુખ્ય ધાર્મિક પર્યટન કેન્દ્ર બનાવે છે. સંપત રાયનું કહેવું છે કે રામ મંદિરના નિર્માણથી સ્થાનિક લોકો માટે રોજગારની નવી તકો ઊભી થઈ છે.




## RTE એક્ટ અંતર્ગત વર્ષ: ૨૦૨૫-૨૬માં નબળા અને વંચિત જૂથનાં બાળકોને વિનાં-મુલ્યે ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવશે

। નડિયાદ, તા.૧૭ ।

ગુજરાત સરકાર દ્વારા મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ની કલમ૧૨(૧)(ક) હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% મુજબ વિના મુલ્યે ધોરણ-૧માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે બાળકોએ ૧ જુન ૨૦૨૫ના રોજ ૬ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા બાળકોને RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે બાળકના વાલી http://rte.orpgujara.com વેબસાઈટ પર તા.૨૮/૦૨/૨૦૨૫, શુક્રવાર થી તા.૧૬/૦૩/૨૦૨૫, રવિવાર દરમિયાન પ્રવેશ ફોર્મ ભરવા અંગે તા.૧૯/૦૨/૨૦૨૫નાં રોજ જાહેરાત પ્રસિદ્ધ કરવા આવેલ.

અગાઉ કેટેગરી ક્રમાંક(૮-જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દીકરી, ૯- રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકો, 11-SC-ST કેટેગરીના બાળકો, 12-SEBC કેટેગરી, ૧૩-જનરલ કેટેગરી)નાં બાળકો માટે ઓનલાઈન અરજી કરવા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક રૂ. ૧.૨૦/- લાખ અને શહેરી વિસ્તારમાં રૂ. ૧.૫૦/- લાખ આવક મર્યાદા હતી જે શિક્ષણ વિભાગના તા. ૧૩/૦૩/૨૦૨૫ના પત્રથી મળેલ મંજુરી અન્વયે હવેથી ગ્રામ્ય તથા શહેરી વિસ્તાર બન્ને માટે વાર્ષિક રૂ. ૬.૦૦/- લાખ કરવામાં આવેલ છે.

આથી, વાર્ષિક રૂ. ૬.૦૦/- લાખ કે તેથી ઓછી આવક ધરાવતા ઉપર જણાવેલ કેટેગરી ક્રમાંક: ૮,૯,૧૧,૧૨ અને ૧૩ના બાળકોના વાલીશ્રીઓ http://rte.orpguja®a.com વેબસાઈટ પર તા.૧૫/૦૪/૨૦૨૫, મંગળવાર સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. તથા અન્ય કેટેગરી તથા અગાઉ કોઈ કારણસર અરજી ન કરી શકનાર અરજદારો પણ આ સમયગાળા દરમિયાન અરજી કરી શકશે. આ અંગેની જરૂરી વિગતો જેવી કે અરજી સાથે ક્યા ક્યા આધાર-પુરાવા, ક્યા અધિકારીના રજુ કરવાના છે તે સહીતની તમામ વિગતો વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. તથા ચાલુ વર્ષે જે અરજદારોની અરજીઓ અગાઉ નિર્દિષ્ટ કરેલ આવક વધુ આવક (પરંતુ રૂ. ૬.૦૦ લાખ કરતા ઓછી) હોવાના કારણે જિલ્લા કક્ષાએ અમાન્ય (REJECT) થયેલ હોય તેઓ પણ પુનઃ ઓનલાઈન અરજી કરી શકશે. બાકીની વિગતો અગાઉની જાહેરાત મુજબ યથાવત રહેશે એમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ઓલપાડના ઈશનપોર ખાતે રૂ.૧.૬૦ કરોડના ખર્ચે ઓલપાડ મેઈન રોડને જોડતા નવા રોડનું પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ હસ્તે લોકાર્પણ





વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે રૂ.૧.૬૦ કરોડના ખર્ચે ઈશનપોર ખાતે ઈશનપોર - HNV- માસમા ગ્રાઉન્ડ સુધીનાં નવા રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ ધર્મેશભાઈ પટેલ, માજી સરપંચ દિનેશભાઈ, અગ્રણી બ્રિજેશભાઈ પટેલ, ગામ કમિટી સભ્યો સહિત ગ્રામજનો ઉપસ્થિત હતા.

### પોલીસની કામગીરીની માહિતી મેળવી પ્રોત્સાહિત બન્યા

## આણંદ ટાઉન પોલીસ મથકની મુલાકાત લેતા વલાસણની શીવમ સ્કુલનાં વિદ્યાર્થીઓ

। આણંદ, તા.૧૭ ।

આણંદ તાલુકાના વલાસણ ગામની શિવમ સ્કુલનાં ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓએ આજે આણંદ ટાઉન પોલીસ મથકની મુલાકાત લઈને પોલીસની વિવિધ કામગીરીની માહિતી મેળવી હતી. શિવમ સ્કુલનાં ધો.૬ થી ૮નાં વિદ્યાર્થીઓ આજે આણંદ ટાઉન પોલીસ મથકે આવી પહોંચતા ટાઉન પોલીસ મથકનાં શી ટીમનાં એએસઆઈ નયનાબેન શર્માએ વિદ્યાર્થીઓને પોલીસ મથકનાં પોલીસ સ્ટેશન ઓફીસર, વાયરલેસ વિભાગ, પોલીસ કસ્ટડી સહીત જુદા જુદા વિભાગોની મુલાકાત કરાવી હતી અને પોલીસની કામગીરી અંગે સમજ આપી હતી. આ ઉપરાંત પોલીસનાં આધુનિક હથીયારો બતાવી હથીયારો અંગેની પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

એએસઆઈ નયનાબેન શર્માએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે પોલીસ પ્રજાનો મિત્ર છે, અને પ્રજાની સુરક્ષા માટે પોલીસ પોતાની ફરજ બજાવે છે. તેમણે વિદ્યાર્થીઓને સારા કામ કરવા, ઉદાહરણરૂપ બનવા અને જીવનમાં



પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરવા જણાવી વિદ્યાર્થીઓને ચોકલેટ આપી મોઢું મીઠું કરાવ્યું હતું. આ તબક્કે વિદ્યાર્થીઓએ પોલીસ સ્ટેશનની મુલાકાતથી ખુશી વ્યક્ત કરી હતી.

### એકનું સારવાર દરમિયાન મોત, ૨ ગંભીર

## રાજકોટમાં હિટ એન્ડ રનઃ નબીરાએ મોડી રાત્રે ત્રણ લોકોને અડફેટે લીધાં

### સ્થાનિકોના જણાવ્યા અનુસાર, અકસ્માત સર્જાયો ત્યારે કારમાં પાછળ બે યુવતી પણ બેઠી હતી, પરંતુ, અકસ્માત સર્જાયો એટલે બંને યુવતીઓ ત્યાંથી ભાગી ગઈ હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાતમાં નબીરાઓ જાણે બેફામ બન્યા છે. છેલ્લાં ત્રણ દિવસમાં વડોદરા, ગાંધીનગર અને દમણમાં તેજ રફતારના કારણે અકસ્માતની ઘટનાઓ સામે આવી છે. ત્યારે રવિવારે રાત્રે ફરી રાજકોટમાંથી આવા જ એક અકસ્માતની ઘટના સામે આવી છે. રાજકોટમાં રવિવારે (૧૬ માર્ચ) રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની આસપાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરપાટ ઝડપે આવતી કારે રસ્તે જતાં ત્રણ લોકોને કચડી નાંખ્યા હતાં. જેમાંથી એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે અને અન્ય બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રાજકોટમાં મોડી રાત્રે મવડી મેઈન રોડ ઉપર કાળભૈરવ દાદાના મંદિર પાસે ભારત પેટ્રોલપંપ નજીક ઋત્વિચ પટોળીયા નામના યુવકે અકસ્માત સર્જયો હતો. આ નબીરાએ પેટ્રોલ પૂરવા જતાં ડેરીના માલિક ૬૯ વર્ષીય પ્રફુલ ઉનડકટ અને બાઈક પર સવાર આધેડ આયુષ ડોબરીયા અને તેમની સાથે ૧૨ વર્ષની દીકરીને અડફેટે લીધા હતાં. તમામને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં, જેમાં સારવાર દરમિયાન વડીલ પ્રફુલ ઉનડકરનો મોત નિપજ્યું છે અને અન્ય બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે. તબીબોના જણાવ્યા અનુસાર, ૧૨ વર્ષની બાળકીને અકસ્માતના કારણે માથામાં હેમરેજ થયું છે. મળતી માહિતી મુજબ, આરોપીનું નામ ઋત્વિચ પટોળીયા છે. અકસ્માત દરમિયાન તેની ગાડી ૧૦૦ થી ૧૨૦ની સ્પીડે દોડી રહી હતી. સ્થાનિકોનો જણાવ્યા અનુસાર, કારચાલક પોતે નશાની હાલતમાં ગાડી ચલાવી રહ્યો હતો. જોકે, સમગ્ર મામલે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આ મુદે તપાસ હાથ ધરી છે.

## માંડવીના ખરોલી ગામે રૂ.૯.૯૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ ચેકડેમોના કામોનું ખાતમુહૂર્ત કરતા આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

### માંડવી તાલુકાની વેર નદી પર ચેક ડેમો બનવાથી ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે, જેનાથી ખેતી અને ખેડૂતો સમૃદ્ધ બનશે

। સુરત, તા.૧૭ ।

નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પ સર વિભાગ હસ્તક સુરત જિલ્લાના માંડવી તાલુકામાં વેર નદી અને તેની ટ્રીબ્યુટરી પર રૂ. ૯.૯૬ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવ મોટા ચેક ડેમોના કામોનું આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. આ પ્રસંગે માંડવીના ખરોલી ગામે આયોજિત સમારોહમાં મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, માંડવી તાલુકાની વેર નદી પર ચેક ડેમોનું નિર્માણ થતા સિંચાઈનું પાણી ખેડૂતોના ખેતરો સુધી પહોંચશે અને સિંચાઈનું પૂરતું પાણી મળશે. ખેતી અને ખેડૂતો ઉન્નત-સમૃદ્ધ બનશે. ભૂતકાળમાં આ વિસ્તારોમાં પીવાનું પાણી મેળવવું પણ દુષ્કર હતું, ત્યારે અમારી



સરકાર પાણી સહિત તમામ પ્રાથમિક જરૂરિયાતો પૂર્ણ કરી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દેશના તમામ ખેડૂતોના વિકાસ પર પણ વિશેષ જોર આપવામાં આવી રહ્યું છે. માંડવી તાલુકાના અરેઠ ગામને પ્રથમ સંપૂર્ણ સોલાર સિસ્ટમથી સજ્જ ગામ બનાવવા માટે પસંદ કરવામાં આવ્યું છે. ત્યારબાદ તડકેશ્વર અને બૌધાન ગામમાં પણ સોલાર સિસ્ટમ લાગુ કરી પ્રત્યેક ઘરમાં સોલાર પેનલ સ્થાપિત કરવામાં આવશે અને ગ્રામજનો વધુમાં વધુ સૌર ઊર્જા તરફ વળે તેવા પ્રયાસો કરવામાં આવશે. માંડવી તાલુકાના તમામ ગામોમાં રોડ કનેક્ટિવિટી સહિત આરોગ્ય, શિક્ષણ, પાણી, સિંચાઈ સહિત તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી હોવાની વિગતો મંત્રીશ્રીએ આપી હતી. આ પ્રસંગે તા. પંચાયતના પ્રમુખ દિલિપભાઈ ચૌધરી, જિ. પંચાયત સભ્ય રોહિત પટેલ, સરપંચ એસો.ના પ્રમુખ કમલેશભાઈ ચૌધરી, અગ્રણી સવશ્રી કિરીટભાઈ પટેલ, મિનાક્ષીબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી, વિવિધ ગામોના સરપંચો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### મોબ લિન્ચિંગની સજા ફાંસી

## એક વિદ્યાર્થીના વીસ હત્યારાને મૃત્યુદંડ, બાંગ્લાદેશની કોર્ટનું ફરમાન

। નવી દિલ્હી, તા.૧૭ ।

બાંગ્લાદેશમાં એક વિદ્યાર્થીને ઢોર માર મારીને હત્યા કરી નાખવાના કેસમાં ટ્રાયલ કોર્ટે એક સાથે ૨૦ આરોપી વિદ્યાર્થીઓને ફાંસીની સજા ફટકારી હતી, આ સજાને હવે હાઈકોર્ટે પણ યોગ્ય ઠેરવી છે અને આરોપીઓની અપીલને ફગાવી દીધી હતી.તમામ દોષિત વિદ્યાર્થીઓ બાંગ્લાદેશ યુનિવર્સિટી ઓફ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી (બીયુઈટી) સાથે સંકળાયેલા છે. અબરાર ફહાદે બાંગ્લાદેશ સરકારની ટિકા કરતી પોસ્ટ ફેસબુક પર કરી હતી, જેને કારણે સરકાર તરફી વિદ્યાર્થીઓના જુથે અબરાર ફહાદને ઘેરી લીધો હતો અને બાદમાં તેનું લિન્ચિંગ કરી હત્યા નીપજાવી હતી. હત્યાની ઘટના બાદ તમામ આરોપી વિદ્યાર્થીઓને યુનિવર્સિટીએ કાઢી મુક્યા હતા. જ્યારે પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે ટ્રાયલ કોર્ટે તમામ આરોપી વિદ્યાર્થીઓને ફાંસીની સજા ફટકારી હતી જેને હવે હાઈકોર્ટ દ્વારા પણ યોગ્ય ઠેરવવામાં આવી છે. ફહાદના પિતાએ કહ્યું હતું કે અમને હાઈકોર્ટના ચુકાદાથી સંતોષ છે.

### વિશેષ નવી સિવિલ હોસ્પિટલને મંત્રી સી.આર.પાટીલે એક ગોલ્ફ કાર્ટ ભેટ આપીઃ ગોલ્ફ કાર્ટથી દર્દીઓને અવરજવરમાં સુવિધા અને સરળતા રહેશે

## કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલના ૭૧મા જન્મદિવસની સેવાસભર ઉજવણી

### પાટીલ પરિવાર દ્વારા કેન્સરના દર્દીઓ માટે ૭૧ કીટ, હેમોફીલિયા ફેક્ટરના બાળકો માટે ૭૧ કીટ, ફેશિયલ પાલ્સીથી પીડિત બાળકો માટે ૭૧ કીટ અર્પણ










। (માહિતી) સુરત ।

નવી સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓને વિવિધ સાધન સહાય અર્પણ કરીને નવસારીના સાંસદ અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલના ૭૧મા જન્મદિવસની સેવાભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પાટીલ પરિવાર દ્વારા કેન્સરથી સ્વસ્થ થયેલા દર્દીઓ માટે ૭૧ કીટ, હેમોફીલિયા ફેક્ટરના બાળકો માટે ૭૧ કીટ, ફેશિયલ પાલ્સીથી પીડિત બાળકો માટે ૭૧ કીટ અર્પણ કરવામાં આવી હતી.

નવી સિવિલ હોસ્પિટલને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલે એક ગોલ્ફ કાર્ટ તેમજ કોર્પોરેટર વ્રજેશ ઉનડકટ દ્વારા એક ઈ-રિક્ષાની ભેટ આપવામાં આવી હતી, જેના કારણે જરૂરિયાતમંદ દર્દીઓને નવી બિલ્ડિંગમાં સ્થળાંતર તેમજ સારવાર માટે અવરજવરમાં સરળતા રહેશે. સી.આર. પાટીલ તેમજ તેમના ધર્મપત્ની ગંગાબેન પાટીલ, શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા ડો. દિલીપદાદા દેશમુખ દ્વારા લીલી ઝંડી આપી ગોલ્ફ કાર્ટ અને ઈ-રિક્ષાને દર્દીનારાયણની સેવામાં પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, બારડોલી તાલુકાના ખરવાસા સ્થિત મંદબુદ્ધિના બાળકોના આશ્રમ માટે ૧૭૧ હાઈજીન અને એજ્યુકેશનલ કીટ સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવા અને ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે અર્પણ કરાશે. દિવ્યાંગોને સાધન સહાય જેમાં ટ્રાઈસિકલ, વ્હીલચેર, કાખઘોડી, વોકર, ટોયલેટ ચેર, પોષણ કીટ સહિતની ચીજવસ્તુઓ ભેટ આપવામાં આવી હતી. હિમોફિલિયાના દર્દીઓ માટે જ્ઞાનની વૃદ્ધિ, મગજનો વિકાસ અને શારીરિક માનસિક દિવ્યાંગતામાં મદદરૂપ થઈ શકે તેવી કીટ અપાઈ હતી. સિવિલના તબીબી, નર્સિંગ સ્ટાફ અને સ્વચ્છતાકર્મીઓએ શ્રી સી.આર.પાટીલને જન્મદિનની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

વિશેષતઃ લિંબાયત ખાતે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ દ્વારા વિનામૂલ્યે મેગા મેડિકલ કેમ્પ, સર્વરોગ નિદાન કેમ્પ, હૃદયરોગની તપાસ અને વિનામૂલ્યે ચશ્મા વિતરણ તેમજ ૮૦ જેટલા દિવ્યાંગો માટે ટ્રાઈસિકલ, વ્હીલચેર, કાખઘોડી, વોકર, ટોયલેટ ચેર, પોષણ કીટ સહિતની જેવી દિવ્યાંગ સાધન સહાય કીટ વિતરણ કરવામાં આવ્યું હતું. સામાજિક રાજકીય અગ્રણી છોટુભાઈ પટેલ દ્વારા પાંડેસરાના ચીકુવાડીમાં આંખ નિદાન, મોતિયાની તપાસ, સારવાર ચશ્મા વિતરણ સહિત મેડિકલ કેમ્પ તેમજ દિવ્યાંગજનોને સાધન સહાય વિતરણ કરાયું હતું. નોંધનીય છે કે, છેલ્લા એક દાયકાથી વધુ સમયથી શ્રી સી.આર. પાટીલના જન્મદિનની ઉજવણી નવી સિવિલના દર્દીઓને મદદરૂપ થઈને વિવિધ કીટ, સાધનસહાય અર્પણ કરી સેવાસભર ઉજવણી કરવામાં આવે છે. શ્રી પાટીલજીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે સુરત ખાતે યુથ ફોર ગુજરાત અને ઉધના ઝોન ભાજપ પરિવાર દ્વારા પણ દિવ્યાંગોને સાધન સહાય વિતરણ કાર્યક્રમ, મહારક્તદાન શિબિર, નિઃશુલ્ક ચક્ષુ નિદાન કેમ્પ તેમજ વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન તથા અન્ય સ્વાસ્થ્ય સેવા કેમ્પ યોજી ડોકટરો અને આરોગ્યકર્મીઓની બહુમૂલ્ય યોગદાન સાથે મોટી સંખ્યામાં દર્દીઓને આરોગ્ય સેવા આપવામાં આવી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખશ્રી પરેશ પટેલ, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના પ્રણેતા ડો. દિલીપદાદા દેશમુખ, નર્મદ યુનિ. ના મેડિકલ ફેકલ્ટી ડીન ડો.મહેન્દ્રસિંહ ચૌહાણ, યુથ ફોર ગુજરાતના પ્રમુખ જીગ્નેશ પાટીલ, ડિસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરના મેનેજર ડો.હર્ષિતા પટેલ, ટી એન્ડ ટીવી નર્સિંગ કોલેજના આચાર્ય કિરણ દોમડીયા, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, યુવા મોરચાના મંત્રી શૈલેષ નાઈ, આદિલ કડીવાલા, નર્સિંગ એસો.ના સંજય પરમાર, બિપીન મેકવાન, વિરેન પટેલ તેમજ તબીબો, મોટી સંખ્યામાં કાર્યકરો અને પાટીલ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## ઔરંગઝેબની કબર ઉપર અયોધ્યાની જેમ કારસેવા કરીશું

। (એજન્સી) મુંબઈ, તા. ૧૭ ।

મહારાષ્ટ્રમાં ઔરંગઝેબની કબરને હટાવવાની માંગ માટે હિંદુ સંગઠનો આજે વિરોધ કરશે. aurangzeb tomb hindu organizations Warn આ બાબતે, તેમણે ફડનાવીસ સરકારને ચેતવણી આપી છે કે તેને ટૂંક સમયમાં દૂર કરવામાં આવશે, નહીં તો કાર સેવકોને અયોધ્યાની જેમ દૂર કરવામાં આવશે. કબર દૂર કરવા માટે વીએચપી અને બજરંગ દળ આજે અભિયાન શરૂ કરવા જઈ રહ્યા છે. વીએચપી અને બજરંગ દળના કામદારો મહારાષ્ટ્રમાં તેહસિલ્ડર્સ અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરીમાં પ્રદર્શન કરશે. બજરંગ દળના સંભાજી નગરના નેતા નીતિન મહાજને કહ્યું કે ઔરંગઝેબે લાખોની હત્યા કરી હતી. હજારો મંદિરો તોડી પાડ્યા હતા. કાશી મથુરાના મંદિરો પાડ્યા અને લાખો ગાયની હત્યા કરી. નિર્દય શાસકની મહિમા ગાવાનું કાર્ય સહન કરવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં, ઔરંગઝેબની કબર દૂર કરવી જોઈએ. તેમણે ચેતવણી પણ આપી છે કે જો કબર દૂર કરવામાં ન આવે તો, તેઓ તેને બાબરીની તર્જ પર દૂર કરશે. વીએચપીના આવા રોષની વચ્ચે, છત્રપતી સંભાજીનગર, ખુલદાબાદમાં ઔરંગઝેબની કબર પર સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. ત્યાં પોલીસની વ્યવસ્થા કરવામાં આવી છે. આવતા લોકોનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

## આમિર ખાનની ત્રીજી લવ સ્ટોરી, ભુવન ને આખરે મળી ગૌરી

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

બોલિવૂડ સુપરસ્ટાર સ્ટાર આમિર ખાનની લવ લાઈફ આ દિવસોમાં ચર્ચામાં છે. અભિનેતાએ પોતાની નવી ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટની ૧૩ માર્ચે પોતાના પ્રિ-બર્થડે સેલિબ્રેશનમાં મીડિયા સાથે મુલાકાત કરાવી હતી. ગૌરી મૂળ બેંગલુરુની છે અને હાલમાં આમિરની પ્રોડક્શન કંપનીમાં કામ કરે છે. પરંતુ સૌથી રસપ્રદ વાત એ છે કે ગૌરી બોલિવૂડની ફેન નથી અને તેણે આમિરની માત્ર બે જ ફિલ્મો જોઈ છે. એવામાં લોકોને પ્રશ્ન થાય કે તેમ છતાં તે આમિરના પ્રેમમાં કઈ રીતે પડી? મીડિયા સાથે વાત કરતી વખતે ગૌરી પૂછવામાં આવ્યું હતું કે, તે આમિરને કેમ પસંદ કર્યો? આ અંગે જવાબ આપતા ગૌરીએ કહ્યું કે, હું ઈચ્છતી હતી કે મારો પાર્ટનર એક સારો વ્યક્તિ હોય, જેન્ટલમૅન હોય અને સંભાળ રાખનાર હોય. આના પર આમિરે મજાકમાં કહ્યું, અને આ બધું મેળવ્યા પછી તને હું મળી ગયો. આમિર અને ગૌરીની મિત્રતા ૨૫ વર્ષ જૂની છે, પરંતુ તેઓ લાંબા સમયથી સંપર્કમાં નહોતા.

### ઈમરાન ખાન સાથે જોડાયેલો છે મામલો

# પાકિસ્તાની ક્રિકેટર આમિરને ૮૦૪ નંબરવાળી કેપ પહેરવા બદલ સજા

### પાકિસ્તાની મીડિયા રિપોર્ટ અનુસાર જમાલની ટોપી પર લખાયેલ નંબર ૮૦૪ ઈમરાન ખાનની જેલની ઓળખ સાથે સંબંધિત છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭ ।

પાકિસ્તાન ક્રિકેટમાં હાલ હાહાકાર મચી ગયો છે. તેનું મુખ્ય કારણ ટીમનું સતત શરમજનક પ્રદર્શન છે. પરંતુ આ દરમિયાન ક્રિકેટ સિવાયના એક સમાચાર આવી રહ્યા છે. પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને સમર્થન આપવા બદલ એક પાકિસ્તાની ક્રિકેટરને મોટો દંડ ફટકારવામાં આવ્યો છે. હકીકતમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ તેના ૮ ખેલાડીઓને આચાર



સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવ્યા છે અને તેમને દંડ ફટકાર્યો છે. તેમાં ઓલરાઉન્ડર આમિર જમાલનો પણ સમાવેશ થાય છે, જેના પર ૧.૩ મિલિયન પાકિસ્તાની રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ભારતીય રૂપિયામાં આ રકમ અંદાજે ૪ લાખ રૂપિયા છે. જમાલને દંડ ફટકારવાનું કારણ તેની પહેરેલી કેપ નંબર ૮૦૪ છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ અનુસાર જમાલની ટોપી પર લખાયેલ નંબર ૮૦૪ ઈમરાન ખાનની જેલની ઓળખ સાથે સંબંધિત છે. તેમજ તેને ઈમરાન ખાન સાથે એકતાનું પ્રતિક માનવામાં આવી રહ્યું છે. ૨૦૨૩થી અટકાયતમાં રહેલા ઈમરાનને જાન્યુઆરી ૨૦૨૫માં ૧૪ વર્ષની નવી સજા થઈ હતી. તે હાલમાં ભ્રષ્ટાચારના અનેક આરોપોમાં રાવલપિંડી જેલમાં બંધ છે. ઈમરાન જે જેલમાં બંધ છે.

### અમ્પાયરોએ આપી હતી સજા

# વર્ષ બાદ MS ધોનીએ સ્વીકારી પોતાની ભૂલ, જ્યારે IPL મેચમાં કરી હતી બબાલ

### રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં ધોનીએ અમ્પાયરો સાથે ઝઘડો કર્યો હતો જેના કારણે તેને દંડ થયો હતો

। (એજન્સી) જયપુર, તા.૧૭ ।

IPL ૨૦૧૯માં ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની ટીમો સામસામે હતી. બંને ટીમો વચ્ચે જયપુરમાં મેચ રમાઈ રહી હતી. મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટન્સીવાળી ચેન્નાઈ સુપર કિંગ્સે છેલ્લી ઓવરમાં ૧૮ રનની જરૂર હતી. ધોની આઉટ થઈ ગયો હતો. જયપુરમાં રમાયેલી આ મેચની છેલ્લી ઓવર ઘણી રોમાંચક રહી હતી. CSKને જીતવા માટે ૧૮ રનની જરૂર હતી. ધોની ત્રીજા બોલ પર આઉટ થયો હતો.



મેચ જીતવાની જવાબદારી રવિન્દ્ર જાડેજા અને મિશેલ સેન્ટનર પર હતી. ઓવરના ચોથા બોલ પર બેન સ્ટોક્સે કમરથી ઉપર ફુલ ટોસ ફેંક્યો. મેદાન પરના અમ્પાયરે તેને નો-બોલ ગણાવ્યો હતો. પરંતુ સ્ક્વેર લેગ અમ્પાયર બ્રુસ ઓક્સનફોર્ડે નિર્ણયને પલટી નાખ્યો. જેના કારણે CSK કેમ્પમાં ખળભળાટ મચી ગયો હતો. ધોની પોતાનો ગુસ્સો ગુમાવી બેઠો હતો. તે ડગઆઉટમાંથી મેદાનમાં આવ્યો અને અમ્પાયરો સાથે દલીલ કરવા લાગ્યો. કેપ્ટનનું આવું વર્તન ભાગ્યે જ જોવા મળે છે. ધોનીના વિરોધ છતાં અમ્પાયર પોતાના નિર્ણય પર અડગ રહ્યા. આ ઘટનાએ મેચનો ઉત્સાહ બગાડી નાખ્યો હતો. જો કે, છેલ્લા બોલ પર સેન્ટનરની સિક્સરથી CSKએ મેચ જીતી લીધી હતી.



નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે સમજૂતી કરારના વિનિમયના સાક્ષી તરીકે ભારત અને ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રીઓ હાજર રહ્યા.

### પાકિસ્તાનને પડ્યા પર પાટુ...!

## ચેમ્પિયન્સ ટ્રોફીમાં કારમી હાર, ૮૦૦ કરોડનું નુકસાન પણ ખરું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૭ ।

૨૯ વર્ષ બાદ પોતાની મેજબાનીમાં ICC ટુર્નામેન્ટ કરાવવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ભારે પડી ગયું. કંગાળી વેઠી રહેલા પાકિસ્તાની બોર્ડને આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેજબાનીથી લગભગ ૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું. ટુર્નામેન્ટની ફાઈનલ ૯ માર્ચે થઈ હતી જેમાં ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડને હરાવીને ખિતાબ જીત્યો હતો. પાકિસ્તાને સ્વપ્ન જોયા હતાં કે તેને આ ચેમ્પિયન્સ ટ્રોફીની મેજબાનીથી અબજો રૂપિયાનો ફાયદો થશે પરંતુ મામલો ઉલટો જ પડી ગયો. ટુર્નામેન્ટ માટે પાકિસ્તાની બોર્ડે સ્ટેડિયમને સુધારવામાં કરોડો રૂપિયા ખર્ચ કર્યા પરંતુ તેને આખરે ૮૫ ટકા નુકસાન વેઠવું પડ્યું. PCB એ ઘરઆંગણે મેચ કરાવવા માટે લગભગ ૮૫૧ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. તેમ છતાં તેને માત્ર ૫૨ કરોડ રૂપિયાની જ કમાણી થઈ, જેનાથી તેને લગભગ ૭૯૯ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવુ પડ્યું. તેની અસર ખેલાડીઓ પર જ પડી છે.

### NLDCનો ડરામણો રિપોર્ટ

# સમગ્ર દેશમાં કાળઝાળ ગરમીમાં જ વીજળીની ભયંકર અછત વર્તાશે

### મે-જૂનમાં દેશમાં વીજળીની માગ ૧૫થી ૨૦ ગીગાવોટ સુધી પહોંચી શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સમગ્ર દેશમાં તાપમાન વધી રહ્યું છે અને ફેબ્રુઆરી-માર્ચમાં જ ગરમી રૅકોર્ડ તોડી રહી છે. દરમિયાન જો તમે પણ અત્યારથી પંખા, કુલર અને એસીનો આશરો લઈ રહ્યા હોવ તો તમે ખૂબ મુશ્કેલીમાં ફસાઈ શકો છો. આગામી દિવસોમાં સમગ્ર દેશમાં ગરમી ખૂબ પડશે. જોકે આ સાથે જ વધુ એક મોટી મુશ્કેલી દસ્તક આપી શકે છે તે છે પાવર કટ. ભારતના ટોપ ગ્રિડ ઓપરેટરે ગરમીની સીઝનમાં સમગ્ર દેશમાં થનાર પાવર કટને લઈને મોટી ચેતવણી જાહેર કરી દીધી છે. જે અનુસાર મે અને જૂનમાં ભારે માગની વચ્ચે વીજળીની ભયંકર અછત સર્જાશે અને આ દરમિયાન પાવર કટનું રિસ્ક સૌથી વધુ હશે. નેશનલ લોડ ડિસ્પેચ સેન્ટર(NLDC) એ વીજળીના પુરવઠા અને તેના વપરાશને લઈને તાજેતરમાં જ એક રિપોર્ટ જારી કર્યો છે. તે અનુસાર મે-જૂનમાં દેશમાં વીજળીની માગ ૧૫થી ૨૦ ગીગાવોટ (GW) સુધી પહોંચી શકે છે. NLDC અનુસાર મેમાં આ ડિમાન્ડ સૌથી વધુ હશે અને આ માગને પૂરી કરવી ખૂબ મુશ્કેલ હશે. એક અનુમાન અનુસાર લગભગ એક તૃતીયાંશ શક્યતા છે કે મેમાં સરેરાશ પુરવઠો પૂરો પાડી શકાશે નહીં. જૂનમાં વીજળીનો પુરવઠો પૂરતો ન હોવાની ૨૦ ટકા શક્યતા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઘણી વખત મે અને જુલાઈમાં માગ પૂરી થઈ શકતી નથી. માગ અને પુરવઠાની વચ્ચે ૧૫ ગીગાવોટથી વધુનું અંતર થઈ જાય છે.

### ગૌભક્તોને રોકવામાં આવી રહ્યા છે

# રામલીલા મેદાનમાં ધરણાંની અનુમતિ ન મળતા ભડક્યા જગદગુરુ શંકરાચાર્ય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી મહારાજે દિલ્હી સરકાર પર નારાજગી વ્યક્ત કરી છે. શંકરાચાર્યએ ગૌ પ્રતિષ્ઠા પ્રતીક્ષા આંદોલન માટે રામલીલા મેદાનમાં ધરણાં કરવા માટે મંજૂરી માંગી હતી. જો કે સરકારે મંજૂરી આપવાની ના પાડી દીધી છે. જેથી શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, લોકશાહીમાં આ ખોટુ થઈ રહ્યું છે. ગૌભક્તોને મેદાનમાં બેસીને શાંતિપૂર્વક પોતાની વાત કરવા માટે રોકવામાં આવી રહ્યા છે. હકીકતમાં



શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ ૧૭ માર્ચના રોજ રામલીલા મેદાનમાં ધરણાં માટે મંજૂરી માંગી હતી. સરકારે અરજીને દફતરે કરી છે. શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, અમે ગૌ પ્રતિષ્ઠા આંદોલન અનુક્રમે ૧૭ માર્ચના રોજ રામલીલા મેદાનમાં શાંતિ પૂર્વક બેસવા માટે પરવાનગી માંગી હતી, પરંતુ હવે પરવાનગી રદ કરવામાં આવી છે, જે લોકશાહીમાં ખોટું છે. શંકરાચાર્યએ કહ્યું કે, આ સરકારમાં હવે એવો સમય આવી ગયો છે કે, ગૌભક્તોને મેદાનમાં બેસીને શાંતિપૂર્વક પોતાની વાત કરવાથી પણ રોકવામાં આવી રહ્યા છે. અમે સરકાર અને તમામ વિપક્ષોને ગૌમાતા પ્રત્યે પોતાનો મત સ્પષ્ટ કરવા માટે ૧૭ માર્ચ સુધીનો સમય આપ્યો હતો. તેમણે આગળ કહ્યું કે, સરકાર ૧૭ માર્ચ સુધી ગૌમાતાને રાષ્ટ્ર માતા જાહેર કરે અને સમગ્ર દેશમાં ગૌ હત્યા પર સંપૂર્ણપણે પ્રતિબંધ લગાવે.

### બે બાળકોની માતાને શાકભાજી વેચનાર સાથે થયો પ્રેમ

# પ્રેમીએ મહિલા સાથે હોળી રમ્યા બાદ મહિલાની કરી નાખી હત્યા

### આ પરિણીત મહિલા તેની સાથે રહેવાનો આગ્રહ કરવા લાગી પણ શાકભાજી વેચનાર આ માટે તૈયાર ન હતો

। (એજન્સી) પ્રયાગરાજ, તા. ૧૭ ।

પ્રેમ એક એવું બંધન છે કે જ્યારે લોકો આ બંધનમાં બંધાય છે ત્યારે દુનિયા ભૂલી જાય છે. ઘણા લોકો પ્રેમ વિશે વિવિધ પ્રકારનું જ્ઞાન આપે છે. લોકો પોતાના અનુભવના આધારે કહે છે કે પ્રેમ ક્યારે સાચો અને ક્યારે ખોટો. ત્યારે એક એવો જ કિસ્સો પ્રયાગરાજમાં સામે આવ્યો છે જેમાં પ્રેમમાં દગો અને ત્યારબાદ હત્યા કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં, એક પરિણીત મહિલાના ફોન પર આવેલા તેના પ્રેમીએ કરવતના બ્લેડથી તેનું ગળું કાપીને તેની હત્યા કરી દીધી. આ પહેલા તેણે મહિલા સાથે હોળી પણ રમી હતી. આ કેસમાં હાંડિયા પોલીસ, SOG અને સર્વેલન્સ સેલે આરોપી પ્રેમીની ધરપકડ કરી છે. પ્રયાગરાજના હાંડિયામાં, બે બાળકોની માતાને એક એવા માણસ સાથે પ્રેમ થઈ ગયો જે શાકભાજીની દુકાન ચલાવતો હતો. આ પરિણીત મહિલા તેની સાથે રહેવાનો આગ્રહ કરવા લાગી પણ શાકભાજી વેચનાર આ માટે તૈયાર ન હતો. મહિલાએ તેને હોળી પર તેના ઘરે આમંત્રણ આપ્યું હતું. પ્રેમીએ અને મહિલાએ સાથે હોળી રમી. આ પછી શાકભાજી વેચનારે તેની હત્યા કરી ત્યાંથી ભાગી છૂટયો હતો. SOG અને સર્વેલન્સની મદદથી, હાંડિયા પોલીસે આરોપી સંદીપની ધરપકડ કરી અને હત્યાના કેસનો પર્દાફાશ કર્યો છે. આરોપીનું નામ સંદીપ છે. સંદીપે જણાવ્યું કે તેની બારૌતમાં શાકભાજીની દુકાન છે. રાધા દેવી છેલ્લા આઠ વર્ષથી તેના બે બાળકો સાથે તેના પિતા કદીનના ઘરે રહેતી હતી. તે શાકભાજી ખરીદવા આવતી. લગભગ ત્રણ-ચાર વર્ષ પહેલાં, તે રાધા દેવી સાથે મિત્ર બન્યો અને તેના ઘરે પણ આવવા લાગ્યો. ૧૪ માર્ચની રાત્રે ૧૦:૩૦ વાગ્યે, રાધા દેવીએ મને ફોન કરીને તેમના ઘરે આમંત્રણ આપ્યું. થોડા સમય પછી તે રાધાના ઘરે પહોંચ્યો.

### સંસદમાં ઈમિગ્રેશન બિલ પાસ

# નકલી પાસપોર્ટ સાથે પકડાશો તો ૭ વર્ષની જેલ, ૧૦ લાખ સુધીનો દંડ

### કેન્દ્રને વિદેશીઓના આવાગમન અંગે વધુ અધિકારો મળશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

સંસદમાં નવા ઈમિગ્રેશન બિલને મંજૂરી મળી ગઈ છે, જેને પગલે હવે ભારતમાં પ્રવેશ કરવા, રહેવા અથવા બહાર જવા માટે નકલી પાસપોર્ટ અથવા વીઝાનો ઉપયોગ કરનારા પર આકરી કાર્યવાહી થશે. બિલની જોગવાઈઓ હેઠળ આ પ્રકારનું ફ્રોડ કરનારાને સાત વર્ષ સુધીની જેલની સજા અને રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. આ સાથે હવે કેન્દ્રને વિદેશીઓના આવાગમન અંગે વધુ અધિકારો મળશે, જેમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકવો, જતા રોકવા, વિશિષ્ટ ક્ષેત્રો સુધી પહોંચને પ્રતિબંધિત કરવાની શક્તિઓનો સમાવેશ થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રાલયની દેખરેખમાં તૈયાર કરવામાં આવેલા ઈમિગ્રેશન અને ફોરેનર્સ બિલમાં હોટેલો, યુનિવર્સિટીઓ, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો અને નર્સિંગ હોમ દ્વારા વિદેશીઓ અંગે માહિતી આપવાની જોગવાઈ ફરજિયાત કરાઈ છે. આ માધ્યમથી નિશ્ચિત



સમય કરતાં વધુ સમય સુધી આવી સંસ્થાઓમાં રોકાનારા વિદેશીઓ પર નિરીક્ષણ રાખવામાં આવશે. એ જ પ્રકારે બધી જ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ અને જહાજોને ભારતમાં કોઈપણ બંદર અથવા અન્ય સ્થળ પર પ્રવાસીઓ અને ક્રૂની યાદી જમા કરાવવી પડશે. આ બિલ ગત ૧૧ માર્ચે લોકસભામાં રજૂ કરાયું હતું. તેની જોગવાઈઓ મુજબ જે કોઈપણ નકલી પાસપોર્ટ અથવા અન્ય પ્રવાસ દસ્તાવેજ અથવા વીઝાનો ઉપયોગ ભારતમાં પ્રવેશ કરવા અથવા અહીં રહેવા અથવા ભારતમાંથી બહાર જવા માટે કરશે, તેને ઓછામાં ઓછી બે વર્ષની સજા કરાશે. આ સજા સાત વર્ષ સુધી વધારી શકાશે. વધુમાં આવા લોકોને ઓછામાં ઓછા રૂ. ૧ લાખથી મહત્તમ રૂ. ૧૦ લાખ સુધીનો દંડ થઈ શકે છે. કોઈપણ વિદેશી કાયદેસરના પાસપોર્ટ અથવા અન્ય પ્રવાસ દસ્તાવેજ વિના ભારતના કોઈપણ ક્ષેત્રમાં પ્રવેશ કરે અને ત્યાંના માટે કાયદેસરના દસ્તાવેજ જરૂરી હોય તો નિયમ ભંગ પર પાંચ વર્ષ સુધીની જેલ અને રૂ. ૫ લાખ સુધીના દંડ તથા બંનેનો દંડ થઈ શકશે. આવાગમન, રોકાવા અને વીઝા સિવાય ભારતમાં કેટલાક એવા ક્ષેત્ર છે, જ્યાં વિદેશીઓએ પ્રવાસ કરવા માટે વિશેષ મંજૂરીની જરૂર હોય છે. તેમાં પૂર્વોત્તરના ક્ષેત્રના અનેક રાજ્યો, સમગ્ર અંદામાન અને નિકોબાર તથા જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગનો સમાવેશ થાય છે. આ બિલનો આશય ભારતના ઈમિગ્રેશન નિયમોને મજબૂત કરવાનો છે. તે કેન્દ્ર સરકારને એવા સ્થળો પર નિયંત્રણ અને કાર્યવાહીનો અધિકાર આપે છે જ્યાં વિદેશીઓની અવર-જવર વધુ રહે છે.

### ઓસ્ટ્રેલિયન પીએમએ આપી હાજરી

# સિડનીમાં BAPS સ્વામિનારાયણ મંદિરમાં ફૂલડોલ ઉત્સવની ઉજવણી

### ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે હાજરી આપી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપ્યા

। (એજન્સી) સિડની, તા.૧૭ ।

૧૫ માર્ચ ૨૦૨૫, શનિવારના રોજ સિડનીના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં હજારો લોકો એકઠા થયા અને હોળીની ઉજવણીનો અભિન્ન ભાગ 'ફૂલડોલ ઉત્સવ' ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો. કેમ્પ્સ ક્રીકમાં તાજેતરમાં ખુલેલા BAPS શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક સંકુલમાં આયોજિત આ કાર્યક્રમમાં સિડનીના વિવિધ વિસ્તારોના લોકો તેમજ યુએસ, યુકે, ન્યુઝીલેન્ડ અને જાપાનના ભક્તોએ હાજરી આપી હતી. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝે આ પ્રસંગે હાજરી આપી હતી અને ઉત્સવના ઊંડા સંદેશની પ્રશંસા કરી હતી. "હોળી અનિષ્ટ પર સારાના વિજયનું પ્રતીક છે - એક એવી આશા જે આપણને પ્રેરણા આપે છે." ટૂંક સમયમાં પૂર્ણ થનારા વેસ્ટર્ન સિડની ઈન્ટરનેશનલ એરપોર્ટની બાજુમાં સ્થિત, આ સાંસ્કૃતિક પરિસર ઉત્સવ માટે એક અદભુત પૃષ્ઠભૂમિ પૂરું પાડતું હતું. વડાપ્રધાન અલ્બેનીઝે તેને "ઉલ્લેખનીય વિકાસનું એક અદ્ભુત ઉદાહરણ" ગણાવ્યું. "આ મંદિર ફક્ત પૂજા સ્થળ નથી, પરંતુ તે શાંતિ, આત્મીયતા અને સંબંધનું સ્થળ છે, જ્યાં દરેક વ્યક્તિ



પોતાના ધર્મ અને પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના, ઘર જેવું અનુભવે છે." હોળીના ભવ્ય ઉજવણીઓમાં, ફૂલદોલ ઉત્સવ એક ખાસ આકર્ષણનું કેન્દ્ર હતું. તે સંગીત, નૃત્ય, પરંપરાગત પ્રદર્શન અને રંગોના અદ્ભુત પ્રદર્શનથી ભરેલું હતું. આ તહેવાર માત્ર ખરાબ પર સારાના વિજયનું પ્રતીક નથી, પરંતુ નવા જીવન અને આત્મશુદ્ધિનો સંદેશ પણ આપે છે. BAPS ના પ્રવક્તાએ કહ્યું, "ફૂલડોલ આપણા સમુદાય માટે એક ખાસ પ્રસંગ છે. છેલ્લા ૧૧૫ વર્ષમાં આ બીજી વાર છે જ્યારે તે ભારતની બહાર ઉજવવામાં આવી રહ્યો છે. સિડનીમાં તેને આટલા ભવ્ય સ્વરૂપમાં જોવું ખરેખર અનોખું છે." BAPS ના આધ્યાત્મિક ગુરુ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ (૯૨ વર્ષ) એ તેમના પવિત્ર આશીર્વાદથી ઉત્સવની શોભા વધારી. તેમણે ભક્તો પર પવિત્ર જળ છાંટીને આ કાર્યક્રમને વધુ આધ્યાત્મિક રીતે દિવ્ય બનાવ્યો.

## તંત્રી લેખ...

# અજિત ડોભાલ અને તુલસી ગબાર્ડ વચ્ચે યોજાઈ ખાસ બેઠક

અમેરિકાના નેશનલ ઈન્ટેલિજન્સ ડાયરેક્ટર તુલસી ગબાર્ડ અને ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) વચ્ચે દિલ્હીમાં ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં બંને દેશો વચ્ચે સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. જો કે સુરક્ષા પરિષદમાં યોજાયેલી આ બેઠકમાં કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેની સત્તાવાર માહિતી બહાર આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દેશો વચ્ચે એ વાત પર સહમતિ બની છે કે ભારત વિરોધી ગતિવિધિઓ કરવા માટે ખાલિસ્તાનીઓને હવે અમેરિકામાં સ્થાન નહીં મળે. ૨૦ દેશોના ગુપ્તચર વિભાગના વડાઓ સાથે આયોજિત કોન્ફરન્સ ઉપરાંત અજિત ડોભાલ અને તુલસી ગબાર્ડ વચ્ચે ખાસ બેઠક યોજાઈ હતી. ભારત-અમેરિકા વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી સાથે સુરક્ષા ક્ષેત્રમાં સાથે મળીને કામ કરશે, આ માટે અપનાવવામાં આવનારી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત આતંકવાદ અને ઉભરતી ટેક્નોલૉજીના જોખમો સહિત વિવિધ સુરક્ષા પડકારોનો સામનો કરવા પરસ્પર સહયોગ વધારવાની ચર્ચા પણ કરવામાં આવી હતી. ઈન્ડો-પેસિફિક મહાસાગરમાં સુરક્ષા, આતંકવાદનું ભંડોળ, ઈમિગ્રેશન અને દેશનિકાલને લગતી ચર્ચાઓ પણ થઈ હતી. તુલસી ગબાર્ડ અઢી દિવસની મુલાકાતે રવિવારે સવારે ભારત પહોંચ્યા હતા. ગબાર્ડની મુલાકાત અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારના ઉચ્ચ અધિકારીની પ્રથમ ઉચ્ચ સ્તરીય મુલાકાત છે. તેઓ જાપાન, થાઈલેન્ડ અને ફ્રાંસના પ્રવાસે છે અને આ દરમિયાન તેમણે ભારતની મુલાકાત પણ લીધી છે. ગયા મહિને, ગબાર્ડ વોશિંગ્ટન ડીસીની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા.

## DoTએ 5જી ઇનોવેશન હેકેથોન ૨૦૨૫ના પ્રારંભની જાહેરાત કરી

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી)એ 5જી ઈનોવેશન હેકાથોન ૨૦૨૫ની જાહેરાત કરી છે, જે સામાજિક અને ઔદ્યોગિક પડકારોને પહોંચી વળવા માટે નવીન 5જી-સંચાલિત સોલ્યુશન્સના વિકાસને વેગ આપવા માટે છ મહિનાની પહેલ છે. વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સ અને વ્યાવસાયિકો માટે ખુલ્લો આ કાર્યક્રમ ૧૦૦થી વધારે ૫૨ યુઝ કેસ લેબ્સમાં માર્ગદર્શન, ભંડોળ અને સુલભતા પ્રદાન કરે છે, જે સહભાગીઓને સ્વપ્રદ્રષ્ટા વિચારોને સ્કેલેબલ ટેકનોલોજીમાં રૂપાંતરિત કરવા સક્ષમ બનાવે છે. હેકાથોન એઆઈ-સંચાલિત નેટવર્ક જાળવણી, આઈઓટી-સક્ષમ સોલ્યુશન્સ, 5જી બ્રોડકાસ્ટિંગ, સ્માર્ટ હેલ્થ, કૃષિ, ઔદ્યોગિક ઓટોમેશન, નોન-ટેરેસ્ટ્રીયલ નેટવર્ક્સ (એનટીએન), ડીરએમ, વીરએક્સ અને ક્વોન્ટમ કમ્યુનિકેશન જેવી મુખ્ય 5જી એપ્લિકેશન્સ પર કેન્દ્રિત દરખાસ્તોને આમંત્રિત કરે છે. સહભાગીઓને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓના નિવારણ માટે નેટવર્ક કાપણી, સેવાની ગુણવત્તા (ઊજી) અને કોલ-ફ્લો દૃશ્યો જેવી 5G સુવિધાઓનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. હેકાથોન સહભાગીઓને તેમની નવીનતાઓને આગલા સ્તર પર લઈ જવામાં સહાય માટે સપોર્ટ મિકેનિઝમ પ્રદાન કરે છે. સહભાગીઓને તેમની આઈપી સંપત્તિના વ્યવસાયિકરણ માટે આઈપીઆર ફાઈલિંગમાં સહાય મળશે. કાર્યક્રમનું માળખું અને સમયરેખા, હેકાથોન ઘણા તબક્કાઓમાં પ્રગટ થશે, દરેકને દરખાસ્ત સબમિટ કરવાથી લઈને અંતિમ મૂલ્યાંકન સુધીના વિચારોને પોષવા અને વિકસાવવા માટે કાળજીપૂર્વક ડિઝાઇન કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કો, પ્રપોઝલ સબમિશન, સહભાગીઓને તેમના વ્યાપક વિચારો રજૂ કરવા, તેમની સમસ્યાના નિવેદન, સૂચિત સમાધાન અને અપેક્ષિત અસરની રૂપરેખા આપવા આમંત્રણ આપે છે. દરેક સંસ્થાને ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (ડીઓટી) સ્ક્રિનિંગ માટે પાંચ દરખાસ્તોની ભલામણ કરવાની તક મળશે અને પ્રાદેશિક સમિતિઓ વધુ મૂલ્યાંકન માટે શ્રેષ્ઠ પ્રવેશોની પસંદગી કરશે. એક વખત દરખાસ્તોને શોર્ટલિસ્ટ કરવામાં આવે તે પછી, પ્રાદેશિક શોર્ટલિસ્ટિંગ તબક્કામાં પસંદ કરાયેલી ટીમો (૧૫૦-૨૦૦ દરખાસ્તો) તેમના વિચારોને વધારવા માટે માર્ગદર્શન પ્રાપ્ત કરશે. ટોચની ૨૫-૫૦ ટીમો પ્રગતિ તબક્કામાં પ્રગતિ કરશે. જ્યાં તેમને ત્રણ મહિનાના સમયગાળા (૧૫ જૂનથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫) દરમિયાન તેમના પ્રોટોટાઇપ્સ વિકસાવવા માટે દરેક બીજ ભંડોળ રૂ.૧,૦૦,૦૦૦ પ્રદાન કરવામાં આવશે. આ તબક્કા દરમિયાન, સહભાગીઓને તેમના વિચારોને સુધારવા માટે માર્ગદર્શન, 5જી યુઝ કેસ લેબ્સની ઍક્સેસ અને પરીક્ષણ માળખાગત સુવિધાઓનો લાભ મળશે. જો કોઈ પણ સોલ્યુશનને આઈપીઆરમાં રૂપાંતરિત કરી શકાય, તો આઈપીઆર ફાઈલિંગ માટે જરૂરી ટેકો વિસ્તૃત કરવામાં આવશે. અંતિમ તબક્કો, મૂલ્યાંકન અને પ્રદર્શન, સપ્ટેમ્બર ૨૦૨૫ના અંતમાં થશે. જ્યાં ટીમો તકનીકી નિષ્ણાત મૂલ્યાંકન સમિતિ (ટીઈઈસી) સમક્ષ તેમના પ્રોટોટાઈપ્સ રજૂ કરશે, જેમાં સરકાર, શિક્ષણ અને ઉદ્યોગના ૫-૭ નિષ્ણાતોનો સમાવેશ થાય છે. મૂલ્યાંકન ચાર મુખ્ય માપદંડો પર આધારિત હશેઃ ટેકનિકલ એક્ઝિક્યુશન (૪૦ ટકા), સ્કેલેબિલિટી એન્ડ માર્કેટ રેડીનેસ (૪૦ ટકા), સામાજિક અને ઔદ્યોગિક અસર (૧૦ ટકા) અને નોવેલ્ટી (૧૦ ટકા). વિજેતાઓની જાહેરાત ઓક્ટોબર ૨૦૨૫માં કરવામાં આવશે, જેમાં ટોચની ટીમો ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ (આઈએમસી) ૨૦૨૫માં તેમની નવીનતાઓનું પ્રદર્શન કરશે, જે દેશની સૌથી પ્રતિષ્ઠિત તકનીકી ઈવેન્ટ્સમાંની એક છે. પુરસ્કારો અને માન્યતા, વિજેતાઓને નોંધપાત્ર પુરસ્કારો મળશે, જેમાં પ્રથમ સ્થાન માટે રૂ.૫,૦૦,૦૦૦, રનર્સ-અપ માટે રૂ.૩,૦૦,૦૦૦ અને બીજા રનર-અપ માટે રૂ.૧,૫૦,૦૦૦નો સમાવેશ થાય છે. આ ઉપરાંત બેસ્ટ આઈડિયા અને મોસ્ટ ઈનોવેટિવ પ્રોટોટાઈપ માટે ખાસ ઉલ્લેખ આપવામાં આવશે. જે દરેકને રૂ.૫૦,૦૦૦ મળશે.૧૦ લેબ્સને બેસ્ટ 5G યુઝ કેસ માટે પ્રશંસાના સર્ટિફિકેટ અને ઈમર્જિંગ ઈન્સ્ટિટ્યૂટ તરફથી બેસ્ટ આઈડિયા માટે વન સર્ટિફિકેટ પણ આપવામાં આવશે. રૂ. ૧.૫ કરોડના અંદાજપત્ર દ્વારા સમર્થિત આ કાર્યક્રમમાં બીજ ભંડોળ, આઈપીઆર સહાય, માર્ગદર્શન અને સંચાલન ખર્ચને આવરી લેવામાં આવ્યા છે. તેનો ઉદ્દેશ ૫૦થી વધારે સ્કેલેબલ 5જી પ્રોટોટાઈપ્સ વિકસાવવાનો, ૨૫+ પેટન્ટ જનરેટ કરવાનો, શૈક્ષણિક-ઉદ્યોગ-સરકારી જોડાણને મજબૂત કરવાનો અને સ્ટાર્ટઅપ ક્રિએશનને ટેકો આપવાનો છે. મુખ્ય તારીખોમાં ૧૫ માર્ચ-૧૫ એપ્રિલ ૨૦૨૫ સુધીના પ્રસ્તાવો રજૂ કરવા, ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અંતિમ વિજેતાઓની જાહેરાત, અને દ્વિ-સાપ્તાહિક પ્રગતિ અહેવાલો અને સેન્ટ્રલાઈઝ્ડ ટ્રેકિંગ ડેશબોર્ડ દ્વારા સીમાચિહ્નો પૂરા થાય તે સુનિશ્ચિત કરવા માટે એક સખત સમયરેખાનો સમાવેશ થાય છે.

---

**દરેકના પોતાના તેમજ અન્ય સંબંધો પ્રત્યે સમ રહીને સહજ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, એની માટે એને હિમાલય કે ગિરનારની ગિરિકંદરાઓમાં જવાનું નથી**

# પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજનું એક સૂત્ર છે, કે શાંતિ પમાડે એ ધર્મ!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સનાતન ધર્મમાં સંસારીને નીચો માનવામાં આવતો નથી, એની માટે મુક્તિ દ્વાર બંધ થઈ જતું નથી! ઉલટાનું કહેવામાં આવે છે, કે તું પણ સમ્યક ભોગ ભોગવીશ તો નિત્ય સંન્યાસી કહેવાઈશ! અને તને પણ જીવ શિવ મિલનનાં એ સાક્ષાત્કારની અનૂભૂતિના આવિર્ભાવનો હક્ક છે, અને તેથી આ રીતે ધર્મ માટે કે ઈશ્વર પ્રાપ્તિ માટે એને સંસારથી વિમુખ કરવામાં આવતો નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આટલો મોટો પરિવાર છે, અને સૌ કોઈને બેન પ્રત્યે સ્નેહ હોય એટલે મેસેજથી કંઈક મોકલતા હોય, એમાં પરમ પૂજ્ય શ્રી ડોંગરેજી મહારાજનું એક સૂત્ર હતું, શાંતિ પમાડે એ ધર્મ! સાંપ્રત સમયમાં જે રીતે ધર્મનું અનુસરણ થઈ રહ્યું છે, એ શાંતિ પમાડતું નથી, કારણ કે મન શાંત થતું નથી! અને એટલે જ કહી શકાય કે આપણી ધર્માંધતા જ આપણને ધર્મથી વિમુખ કરી રહી છે. સમાજનો મોટો હિસ્સો આવી રીતે સમજ્યા વગર ધર્મને અનુસરતો હોવાને કારણે સમાજ પણ અશાંત રહે છે. કારણ કે સુખને આનંદ માની લેવાની આપણી ભૂલને કારણે આ બધું છે. સુખ ક્ષણિક હોય છે, તે ભોગની સમાપ્તિએ સમાપ્ત થઈ જાય છે, એટલે નવા ભોગની ઈચ્છાનો જન્મ થાય છે, એ ન મળે ત્યાં સુધી અસુખ,અને મળે ત્યારે સુખ! આમ જીવન સુખ દુઃખ રુપી શ્વાસના લય તાલ વગર ચાલતું રહે છે,જેનો થાક છે. મનની ઈચ્છાઓ સમાપ્ત થતી નથી, એ તેની ચંચળતાનું મુખ્ય કારણ છે. ભારતીય સમાજ ઘણી વાતે વિભાજિત છે,પણ મુખ્યત્વે એક કર્મ અને બીજો ધર્મ! પણ બે માંથી એકપણનો મર્મ સમજ્યા વગર! ધર્મ એ જીવનની સુવ્યવસ્થિત પદ્ધતિનું નામ છે, અને એટલે એમાં શિસ્ત માટે સંયમ નિયમ છે ! કર્મ! જે સારું છે, પણ મોટેભાગે પ્રસિદ્ધિ માટે થતું હોય પરિણામ નથી આપતું! ખેર ફરી કર્મ ધર્મનાં લેખાંજોખાં કરીશું. પણ મોટાભાગના ધર્મો મનને મારવાનું કહે છે, મન દુશ્મન છે, તેના પર સંયમન પ્રાપ્ત કરવા સાધક પોતાની જાત પર રીતસર જુલ્મ કરતો હોય, એવું પણ આપણે ઘણાં ધર્મમાં જોઈએ છીએ! જ્યારે હિન્દુ સનાતન ધર્મમાં મનને મિત્ર બનાવવાની વાત આવી છે, જે એકદમ યોગ્ય છે. અન્ય ધર્મથી સનાતન ધર્મ અમુક રીતે જુદો પડે છે, અને એટલે જ તે શ્રેષ્ઠ છે. એમાં સંસારી જીવને કોઈ દીન કે હીન ભાવનો સામનો કરવો પડતો નથી, કે પછી પરાણે કોઈ ન ગમતી વાતને જીંદગી ભર વેઢારવી પણ પડતી નથી. આજે અન્ય સંસ્કૃતિ તરફ આકર્ષિત યુવાન જાણે તો ખરાં, કે સનાતન ધર્મમાં જેટલી સ્વતંત્રતા છે એટલી બીજે ક્યાંય નથી, અને એ પણ સુખ, સંતોષ, શાંતિ આનંદ પ્રેમ અને પ્રસન્નતાની ગેરંટી સાથે. મનને મિત્ર બનાવવું હોય તો મૌન રહેવું પડે, એકાંતમાં રહેવું પડે, તેની હિલચાલ તેની ચંચળતા બધું જ સમજવું પડે. આખરે દરેક વ્યક્તિનું મન પોતાના મૂળભૂત સ્વભાવ અનુસાર જ ઈચ્છા કરતું હોય છે, એટલે એ રીતે વ્યક્તિએ પોતાનો મૂળભૂત સ્વભાવ નક્કી કરવાનો હોય, જેમ કે ઉદાર છે, પ્રેમાળ છે, સહિષ્ણુ છે, દયાળુ છે, કે



છી લોભી છે, લાલચું છે, ઈર્ષાળુ છે, નિંદક છે, આગ્રહી છે, અહમવાદી છે!કે માનવતા વાદી! ટૂંકમાં સકારાત્મક છે, કે નકારાત્મક! એવું નક્કી થતાં મન સાથે દોસ્તી કરીને જો નકારાત્મક હોય તો કંઈ પણ સર્જનાત્મક ક્રિયા કરી એના મૂળભૂત સ્વભાવમાં થોડો ફેરફાર કરી શકાય, અને નહીં તો અન્યની નહીં પણ પોતાના અવગુણની નીંદા કરવી એને સુધારવું, કે પછી કોઈ બીજું એને એટેન્શન આપતું નથી, માટે મન આ રીતે વર્તે છે, એ બધું જ જાણવું પડે! અને આ પરિસ્થિતિમાં એની પર કોઈ પણ પ્રકારનનુ દબાણ એ પરિસ્થિતિ ને વધુ બગાડી શકે છે. માટે એ માર્ગ તો ક્યારેય યોગ્ય નથી! ભોગ એ ખરાબ નથી, એટલે કે મનની ઈચ્છા કે શરીરની જરૂરિયાત પૂરી કરવી એ જ તો ધર્મ છે, પણ એની માત્રા નિયત હોવી બહુ જરૂરી છે. જરુરીયાતને નામે ભોગની અધિકૃતતાનું જતન થાય તો જ એ પતન તરફ દોરે, માટે જરૂરી એટલું જ! એટલે કે ભૂખ લાગી છે તો ખાવું જ પડે! આદિદેવ જગતગુરુ શંકરાચાર્યે ભૂખને રોગ કહ્યો છે, અને આહારને ઔષધિ! માનવીની શારીરિક ભૂખને તો હજી પણ પહોંચી શકાય, પણ બીજીએ કેટલીય ભૂખ હોય છે, જેનું સમયે નિદાન થાય નહીં તો એ સામાજિક અપરાધ કરતાં પણ અચકાતા નથી! અને એટલે જ ઉંમર પહેલાં સાધુ સાધ્વીજી બનાવી દેવાય તો ખતરો છે, અને પછી એના કૌભાંડનો પાર નથી. બીજી સમાજમાં શ્રેષ્ઠ દેખાવાની પણ હોડ લાગી હોય, એવું ચિત્ર સ્પષ્ટ થાય છે, માનવીને પદ પ્રતિષ્ઠાની પણ ભૂખ હોય છે. ઉંમર થતાં બધાથી તિરસ્કૃત થવાની બીક, કે પછી માન સન્માન અને પ્રેમની પણ ભૂખ લાગે છે, અને આ બધું જ મનનાં અવલોકનથી પોતાની પ્રત્યે અન્યના વ્યવહાર અને પોતાના બીજા સાથેના વ્યવહારનું યોગ્ય મુલ્યાંકન કરી, મનને મિત્ર બનાવી શકાય છે. સનાતન ધર્મમાં સંસારીને નીચો માનવામાં આવતો નથી, એની માટે મુક્તિ દ્વાર બંધ થઈ જતું નથી! ઉલટાનું કહેવામાં આવે છે, કે તું પણ સમ્યક ભોગ ભોગવીશ તો નિત્ય સંન્યાસી કહેવાઈશ! અને તને પણ જીવ શિવ મિલનનાં એ સાક્ષાત્કારની અનૂભૂતિના આવિર્ભાવનો હક્ક છે, અને તેથી આ રીતે ધર્મ માટે કે ઈશ્વર પ્રાપ્તિ માટે એને સંસારથી વિમુખ કરવામાં આવતો નથી. એ જ્યાં છે ત્યાં જ તેને સ્થિર અને શાંત થવાનું છે, ઉપરાંત કોઈ પણ લીંગ સ્વરૂપ એટલે કે પુરુષ અને સ્ત્રીનો બાદ પણ સનાતન ધર્મમાં નથી. દરેકના પોતાના તેમજ અન્ય સંબંધો પ્રત્યે સમ રહીને સહજ જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે, એની માટે એને હિમાલય કે ગિરનારની ગિરિકંદરાઓમાં જવાનું નથી. સંબંધો કાપીને એકાંતમાં રહેવાનું નથી, ભગવા વસ્ત્ર પહેરવાના નથી, બધા વચ્ચે રહીને બધાના સુખ દુઃખનું વિચારીને જ શાંત રહી શકાય છે, પ્રસન્ન રહી શકાય છે, અને કર્તવ્ય કર્મની નિષ્ઠાથી કરેલું દરેક કર્મ તેની આ યાત્રાના મુકામો સરળ બનાવતાં જાય છે,એ જ એનું કાર્યક્ષેત્ર છે, અને એ કાર્ય કરવાથી જ શાંતિ મળશે! પોતાનાં કર્તવ્ય કર્મની જવાબદારીથી વિમુખ થઈ ને ક્યારેય શાંતિ મળશે નહીં. માનવી બીજું બધું કરી શકે છે, પણ પોતાની જાતનું અભિમાન એને શાંત થવા દેતું નથી હું એટલે કોણ? મને આમ કીધું? હવે હું એને છોડીશ નહીં! આજે તો બતાવી જ દઉં મારી તાકાત! આમ થોડું જ્ઞાન કે વિદ્યા કે પદ પ્રતિષ્ઠા મળવાથી આ અહમ્ બળવાન બને છે, અને અહમ્ બ્રહ્માસ્મિની જેમ આતંક મચાવે છે! એટલે કે બધી જ પ્રકારનું જ્ઞાન હોય, મન પણ સંયમમાં હોય, એટલે કે ભોગની ઈચ્છા કરતો ન હોય, પણ અહમને કારણે ક્રોધ પર કાબુ ન્હોય, તો અત્યાર સુધીનું કરેલું બધું જ નિષ્ફળ જાય છે. સનાતન ધર્મમાં અહમને નાથવા માટે આપણી પર પણ કોઈ પરમશક્તિ છે, અને એની આગળ આપણે કંઈ જ નથી એવી વાત મૂકી છે. જેને કારણે માનવીય અહંકારની વૃત્તિ દાબમાં રહે, અને એ ઈશ્વર બધાનું બધું જ જોતો હોય છે, એનાથી કંઈ જ છુપાવી શકાતું નથી, અને અંતે તો એ જ બધું કરે છે, ખોટું હું કરું હું કરું એમ કરવું નહીં! ઉપરાંત કર્મના સિદ્ધાંત કે પાપ પુણ્યની ગઠરીની વાત પણ છે. એટલે અમુક પ્રકારનો ભય કે ડર પણ આપણને અનુસાશનમા રાખવા જરૂરી છે,અને એ સનાતન ધર્મમાં છે. પણ જો ભય મુક્ત જીવવું હોય તો નિમિત્ત માત્ર બનીને જીવવું એ જ શ્રેષ્ઠ છે! આમ જુવો તો સાવ સહેલું છે! પણ એવું થતું નથી એટલે આ આખી સાયકલ ચાલે છે. તો આપણે સૌ આપણા મનને મિત્ર બનાવી અને એની ઈચ્છાઓ પર કાબુ મેળવી શકીએ અને ભગવત ગીતામાં કહ્યા મુજબ જીતેન્દ્રિય બની નિત્ય સંન્યાસી બની જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**દુર્યોધનના કહેવા પ્રમાણે દુર્વાસા દસ હજાર બ્રાહ્મણો સાથે પાંડવો પાસે આવ્યા, કહે, રાજન, કાલનો ઉપવાસ છે, અતિશય ભૂખ લાગી છે**

# પ્રેમ અને દોસ્તી તો ભોળા લોકો સાથે જ જામે સાહેબ.. હોશિયાર લોકો તો લાગણીઓ સાથે રમત રમતા હોય છે!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કૃષ્ણ વિરહમાં શ્રીકૃષ્ણની કૃપા યાદ કરી અર્જુન રડે છે, ધર્મરાજાને અર્જુન સંભળાવે છે, મોટાભાઈ, દ્રુપદ રાજાના દરબાર માં મેં મત્સ્ય વેધ કર્યો તે શક્તિ મારી નહીં,મારા દ્વારિકાનાથની હતી, મોટા રાજાઓ મત્સ્યવેધકરી શક્યા નહીં ત્યારે કર્ણ ઊભો થયો શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે, કર્ણ મત્સ્ય વેધ કરશે તો મારો અર્જુન રહી જશે, એટલે સભામાં શ્રીકૃષ્ણે કર્ણનું અપમાન કરાવ્યું છે, શ્રીકૃષ્ણે એક દાસીને દ્રૌપદી પાસે મોકલી.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી કંઈક નવું જાણવા મેળવવા પ્રયત્ન કરીએ છીએ તો કાળઝાળ ગરમીના માહોલ વચ્ચે જોઈએ તો કળિ એટલે કલહ.જે ઘરમાં શ્રી કૃષ્ણ કીર્તન,શ્રીકૃષ્ણ કથા થાય તે ઘરમાં કળિ આવતો નથી.ભીમસેન અને ધર્મરાજા આવી રીતે વાતો કરતા હતા તેવા માં અર્જુન આવ્યો.તેના મુખ ઉપર જરાય તેજ દેખાતું નથી. યુધિષ્ઠિર અર્જુનને પૂછે છે કે, તારું તેજ ગયું ક્યાં? તે આંગણે આવેલા અતિથિને આપ્યા વગર ભોજન તો કર્યું નથીને?અતિથિ ભગવાનનું સ્વરૂપ છે.આંગણે આવેલો અતિથિ ભૂખ્યો રહે, તો યજમાન નું પુણ્ય ખાઈ જાય છે. નચિકેતા યમરાજાને ત્યાં ત્રણ દિવસ ભૂખ્યો તરસ્યો બેસી રહ્યો. યમરાજાઆવી ને પૂછે છે કે,આ ત્રણ દિવસ તેં શું ખાધું? નચિકેતા જવાબ આપે છે કે તમારું પુણ્ય ખાધું? મનુષ્ય શરીર કરતાં આંખથી, મનથી પાપ કરે છે. ગીતાજીમાં પ્રભુએ અર્જુનને માનપત્ર આપ્યું છે કે, મારો અર્જુન પવિત્ર છે. એટલે તો ભગવાને ગુહ્યતમ જ્ઞાન તેને આપ્યું. એક રાત્રે ઊર્વશી અર્જુનને મળવા આવી, પણ અર્જુને તેની સામે જોયું નથી. એકાંતમાં કામને જીતે એ વીર. મને ખાતરી છે કે મારો અર્જુન કદી કંઈ પાપ કરે જ નહીં તો એ નિસ્તેજ કેમ છે?મને આ કળિયુગ નાં લક્ષણો દેખાય છે. ત્યારે અર્જુન કહે છે, મોટાભાઈ, શું કહું? મારા પ્રભુ મારો ત્યાગ કર્યો છે.લાક્ષાગૃહમાં જેણે આપણું રક્ષણ કર્યું હતું તે પ્રભુ સ્વધામમાં પધાર્યા છે. અંતકાળે પ્રભુ મને સાથે લઈ ગયા નહીં. મને કહે, તું સાથે આવ્યો નથી તો સાથે લઈ જાઉં ક્યાંથી? મેં તને ગીતા શાસ્ત્રનું જ્ઞાન આપ્યું છે તે તારું રક્ષણ કરશે. મોટાભાઈ! હું શું કહું? મારી આજ દિન સુધી હાર થઈ ન હતી,પણ હું આજે આવતો હતો,ત્યારે કાબા લોકોએ મને રસ્તામાં લૂંટી લીધો. મને લાગે છે કે,મારામાં જે શક્તિ હતી તે મારી ન હતી,તે શક્તિ દ્વારિકા નાથની હતી. જે આજે તેમના જવાથી ચાલી ગઈ છે! કૃષ્ણ વિરહમાં શ્રીકૃષ્ણની કૃપા યાદ કરી અર્જુન રડે છે. ધર્મરાજાને અર્જુન સંભળાવે છે, મોટાભાઈ,દ્રુપદ રાજાના દરબાર માં મેં મત્સ્ય વેધ કર્યો તે શક્તિ મારી નહીં,મારા દ્વારિકાનાથની હતી.મોટા રાજાઓ મત્સ્યવેધકરી શક્યા નહીં ત્યારે કર્ણ ઊભો થયો શ્રીકૃષ્ણે વિચાર કર્યોકે,કર્ણ મત્સ્ય વેધ કરશે તો મારો અર્જુન રહી જશે.એટલે સભામાં શ્રીકૃષ્ણે કર્ણ નું અપમાન કરાવ્યું છે. શ્રીકૃષ્ણે એક દાસીને દ્રૌપદી પાસે મોકલી. દ્રૌપદીને કહ્યું કે, હું હીન જાતિના કર્ણ સાથ લગ્ન નહીં કરું.મોટા ભાઈ,મને હિંમત ન હતી.પણ મારા શ્રીકૃષ્ણ મને જોતા હતા, તેથી મારામાં હિંમત અને શક્તિ આવીને મેં મચ્છવેદ કર્યો. કિરાતના વધ વખતે હું શંકર સાથે યુદ્ધ કરી શક્યો તે પણ તેમના જ પ્રતાપે. આપણે જ સંસારમાં મચ્છવેધ કરવાનો છે. મનરૂપી માછલી સંસારમાં ફરે છે. તેને વિવેકરૂપી બાણ મારો. જેને દ્રૌપદી મળે તેના ભગવાન સારથિ થાય છે. દ્રૌપદી એ શ્રીકૃષ્ણ ભક્તિ છે.મનને ન મારો ત્યાં સુધી શ્રીકૃષ્ણ ભક્તિ મળશે નહીં.માટે મનને ગમે તે કરશો નહીં. મન માગે તે આપશો નહીં તો ધીરે ધીરે મન કાબૂમાં આવશે. આજ સુધી મોજશોખ, ભોગમાં, પાપમાં કેટલું વાપર્યું



તેનો હિસાબ જીવ કરતો નથી. પણ બ્રાહ્મણને કંઈ આપ્યું હોય તો યાદ રાખે છે. હજાર રૂપિયા દક્ષિણા આપી છે. અંતકાળે જીવ ચિંતા કરે છે. મારી છોકરીનું શું થશે?મારા ભાણા ભાઈનું શું થશે? પણ તારું શું થશે તેનો વિચાર કરને ભાઈ!પણ ભગવાન કૃપાદૃષ્ટિનું દાન ન કરે, ત્યાં સુધી મન મરતું નથી.પ્રભુની કૃપાદૃષ્ટિથી થાય તો માછલી (મન) મરશે અને મન મરશે તો ભક્તિ-દ્રૌપદી મળશે પરમાત્મા કૃપા દૃષ્ટિથી નિહાળે, ત્યારે જ જીવ મનને મારી શકે છે. પ્રભુની પ્રાર્થના કરતા નથી તેથી મન મનુષ્યને ખાડામાં ફેંકે છે.અર્જુનને શ્રીકૃષ્ણના અનેક ઉપકારો યાદ આવે છે. ફરી ફરી તે કહે છે, મોટાભાઈ, કુરુક્ષેત્રમાં તેમણે મને ગીતાનો ઉપદેશ કર્યો. મોટાભાઈ,મને એમણે એક વખત માગવાનું કહ્યું, ત્યારે મેં માગ્યું કે યુદ્ધમાં મારી જીત થાય. મોટાભાઈ મને માગતા આવડ્યું નહીં.હું મૂર્ખ હતો,મહામૂર્ખ હતો. મોટાભાઈ,દુર્યોધને દુર્વાસાનો ક્રોધ આપણા ઉપર ઉતારી આપણો નાશ કરવા એમને મોકલ્યા હતા ત્યારે શ્રીકૃષ્ણે ભાજીના એક પાનથી અક્ષયપાત્ર ભરી દીધું હતું.પ્રભુએ તે સંકટમાંથી પણ આપણને ઉગાર્યા હતા. આની કથા એવી છે કે દુર્યોધનને ચાર મહિના દુર્વાસાને પોતાને ત્યાં જમાડયા.દુર્વાસા પ્રસન્ન થયા. એમણે દુર્યોધનને વરદાન માગવા કહ્યું. દુર્યોધને વિચાર્યું કે,ઋષિના શ્રાપ થી પાંડવોનો નાશ કરવાનો આ સારો અવસર છે. તેને ખબર હતી કે, સૂર્યદેવે દ્રૌપદીને અક્ષય પાત્ર આપેલું છે. પરંતુ દ્રૌપદી ભોજન કરી રહે તે પછી પાત્રમાં થી કાંઈ નીકળતું નથી.તેથી દુર્વાસાને ભોજન નહીં મળતાં ક્રોધથી તેઓ પાંડવોને શ્રાપ આપશે અને તેઓની દુર્ગતિ કરશે. આવો વિચાર મનમાં ગોઠવી દુર્યોધન દુર્વાસા પાસે માગ્યું કે, અમારા કુળમાં યુધિષ્ઠિર મુખ્ય છે દસહજાર શિષ્યો સાથે હવે આપ તેમના આતિથ્યનો સ્વીકાર કરો. દ્રૌપદીને ભૂખનું કષ્ટ ન ઉઠાવવું પડે, એટલે તેના ભોજન પછી આપ ત્યાં પધારો એટલી મારી વિનંતી છે! સંતની સેવા સદભાવથી કરે, તો જ તે સફળ થાય.કુભાવથી કે લૌકિક ભાવથી કરેલી સેવા સફળ થશે નહીં. ચાર મહિના દુર્વાસાને પોતાને ત્યાં જમાડી દુર્યોધને પાંડવોનો વિનાશ ઈચ્છયો,જે તેના નાશમાં પરિણમ્યો, નહીંતર બ્રાહ્મણોને જમાડવાનું પુણ્ય તેને મળત.દુર્યોધને સંતની સેવા પણ કપટથી કરી. દુર્યોધનના કહેવા પ્રમાણે દુર્વાસા દસ હજાર બ્રાહ્મણો સાથે પાંડવો પાસે આવ્યા. કહે, રાજન, કાલનો ઉપવાસ છે. અતિશય ભૂખ લાગી છે. તમારે ત્યાં ભોજન કરવા આવ્યો છું. દ્રૌપદીને સૂર્યનારાયણે અક્ષયપાત્ર આપેલું છે.મધ્યાહ્નને જે કોઈ બ્રાહ્મણ આવે તેને તેમાંથી જમાડે છે. પણ આજે દ્રૌપદીનું ભોજન થઈ ગયું છે. એટલે અક્ષયપાત્રમાં થી કાંઈ નીકળવાનું નથી.છતાં યુધિષ્ઠિર કહે છે,પધારો,આપે અમારા ઉપર બહુ કૃપા કરી. આપ સૌ ગંગાસ્નાન કરીને આવો,ત્યાં હું રસોઇની તૈયારી કરાવું છું. ચોખાનો એક દાણો પણ ઘરમાં નથી,તેમ છતાં દસ હજાર બ્રાહ્મણોને જમાડવાનું આમંત્રણ આપ્યું છે.ધર્મરાજાનું ધૈર્ય કેવું છે? તેમને વિશ્વાસ છે કે, અતિશય દુઃખમાં પણ મેં મારો ધર્મ છોડયો નથી, તો ધર્મરૂપ પરમાત્મા મારી રક્ષા કરશે. ભીમ- અર્જુન વિચારે છે, હવે શું થશે? દ્રૌપદીને ચિંતા થાય છે.દસ હજાર બ્રાહ્મણોને જમાડવા કેવી રીતે? મેં ભોજન કરી લીધું છે. અક્ષયપાત્ર માંથી આજે કાંઈ મળે તેમ નથી.દ્રૌપદીનું હૈયું ભરાયું. ભોજન નહીં મળે એટલે મારા પાંડવોને દુર્વાસા શ્રાપ આપશે. મેં સાંભળ્યું છે,દુર્વાસા બહુ ક્રોધી છે. દ્રૌપદી દ્વારિકાનાથને યાદ કરે છે ને આર્તસ્વરે પોકારે છે,નાથ, મારી લાજ જશે,તો જગતમાં હાંસી તારી થશે. આજદિન સુધી અનેક વખત મારી લાજ રાખી છે,તો આજે પણ મારી લાજ રાખજે આજે દસ હજાર બ્રાહ્મણોને જમાડવાના છે,તે ભૂખ્યા રહેશે તો શ્રાપ આપશે! ભક્તો કીર્તન કરે છે ત્યારે પરમાત્માનું સિંહાસન ડોલે છે. પરમાત્માએ દ્રૌપદીનો આર્તનાદ સાંભળ્યો. તરત આવવા તૈયાર થયા. તે વખતે ઉત્થાનનો સમય થયો છે.રુક્ષ્મણી થાળમાં મેવો લાવ્યા છે.રુક્ષ્મણી પ્રાર્થના કરે છે આ મેવો આરોગો! એક તરફ રુક્ષ્મણી કહે છે,આ મેવો આરોગો તે પછી જાવ. બીજી તરફ દ્રૌપદી પ્રાર્થના કરે છે,નાથ, મારી વારી વહારે ધાઓ! શ્રીકૃષ્ણ કહે છે.દ્રૌપદી મને પોકારે છે, હું ત્યાં જ ભોજન કરીશ. દ્વારિકાનાથ દ્રૌપદીની ઝૂંપડીમાં દોડી આવ્યાને દ્રૌપદી પ્રાર્થનામાં તન્મય થયાં છે ત્યાં પ્રગટ થયા. કીર્તન એવી રીતે કરો કે, ભગવાન આવીને ઊઠાડેને કહે કે હું આવ્યો છું.તારી આંખ ખોલા પછી ભગવાન દ્રૌપદીને કહે છે, દ્રૌપદી, મને ભૂખ લાગી છે.મને કંઈક ખાવાનું આપ. દ્રૌપદીએ હાથ જોડયા, ભગવાન, મારા ઘરમાં કંઈ નથી. હું શું ખાવાનું ધરું? બ્રાહ્મણો આવ્યા છે તેને જમાડવાના છે.તેથી તેની વ્યવસ્થા માટે મેં તમને યાદ કર્યા છે.ભગવાન કહે છે,તેનું વ્યવસ્થા પછી થશે. પહેલાં મારા માટે તેં જે કાંઈ રાખ્યું હોય તે મને આપ. દ્રૌપદી કહે છે,નાથ,મેં તો કાંઈ જ રાખ્યું નથી, ત્યારે ભગવાન કહે છે કે, અક્ષયપાત્ર મને બતાવ.તેમાં કાંઈક હશે. દ્રૌપદીએ અક્ષયપાત્ર શ્રીકૃષ્ણના હાથમાં આપ્યું. પરમાત્માએ તેમાંથી ભાજીનું પાન શોધી કાઢ્યું. પાન પણ ત્યાં ક્યાં હતું? પણ પ્રભુને પ્રેમ યોગથી ભાજીનું પાન ત્યાં ઉત્પન્ન કર્યું. ભગવાન હવે એ પાન આરોગે છે. જીવ જ્યારે પરમાત્માને પ્રેમથી આપે છે,ત્યારે તેમને તૃપ્તિ થાયછે પ્રભુ કહે છે કે,સર્વમાં અંતર્યામી રૂપે હું રહેલો છું. હું તૃપ્ત થયો એટલે જગતના સર્વ જીવો તૃપ્ત થઈ જાય. વાચક ચાહક મિત્રો, આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ઓતપ્રોત થઈ ગયા છીએ ગરમીમાં રાહત મળે તેવી આશા નથી આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### પતિના વખાણ વચ્ચે પરિણીતીનો એક જૂનો વીડિયો વાયરલ

## પરિણીતી ચોપરા રાઘવ ચઢ્ઢા પર ઓળઘોળ થઈ હતી તેવો વીડીયો



બોલીવુડ અભિનેત્રી પરિણીતી ચોપરાના પતિ અને આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાને તાજેતરમાં હાર્વર્ડ યુનિવર્સિટીમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. અહીં રાઘવ ચઢ્ઢાએ એક કાર્યક્રમમાં મહેમાન તરીકે ભાગ લીધો હતો. પતિની આ સિદ્ધિ ઉપર પરિણીતી ઓળઘોળ થઈ ગઈ છે. આ વખાણ વચ્ચે પરિણીતી ચોપરાનો એક જૂનો ઈન્ટરવ્યૂ પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં પરિણીતી કહેતી જોવા મળે છે કે તે ક્યારેય કોઈ રાજનેતા સાથે લગ્ન નહીં કરે.તમને જણાવી દઈએ કે આમ આદમી પાર્ટી (આપ)ના સાંસદ રાઘવ ચઢ્ઢા પણ રાજકારણમાં યુવા નેતા છે. સંસદમાં ભાષણ આપતા હોય કે આંતરિક રાજકારણ, દરેક બાબતમાં ખુલ્લેઆમ પોતાનો અભિપ્રાય આપવા માટે રાઘવ ચઢ્ઢા જાણીતા છે. તાજેતરમાં રાઘવ ચઢ્ઢાને હાર્વર્ડ યુનિવર્સિટીમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.રાઘવ ચઢ્ઢા હાર્વર્ડ યુનિવર્સિટી પહોંચ્યા હતા અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી. રાઘવે તેના ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો શેર કરી અને તેને ગૌરવની ક્ષણ ગણાવી હતી. પતિ રાઘવની આ સિદ્ધિ પર અભિનેત્રી પરિણીતી ચોપરા પણ ખુશીથી ઉછળી પડી હતી. પરિણીતી ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર તેની તસવીરો શેર કરીને રાઘવના વખાણ કર્યા છે.પતિના વખાણ વચ્ચે પરિણીતીનો એક જૂનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં પરિણીતી તેના કોસ્ટાર અર્જુન કપૂર સાથે તેની ફિલ્મના પ્રમોશન માટે સિદ્ધાર્થ કાનનના શોમાં પહોંચી હતી. અહીં જ્યારે શોના હોસ્ટ તેને લગ્નની પસંદગી વિશે પૂછે છે, ત્યારે પરિણીતીએ ખૂલીને જવાબ આપ્યો હતો. પરિણીતી એ પણ જણાવે છે કે તેને કેવો પતિ જોઈએ છે. પરિણીતીએ કહ્યું હતું કે જે તેનું સન્માન કરે તેવી વ્યક્તિ તેને ખૂબ જ આકર્ષક લાગે છે.

### પરિણામે આ ફિલ્મ ફરી ૨૦૨૬ સુધી ઘોંચમા પડી

## ઋતિક રોશનની ક્રિષ ૪નું દિગ્દર્શન કરવાનો સિદ્ધાર્થ આનંદનો ઇન્કાર

ઋતિક રોશનની ક્રિષ ૪ની લોકો આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. પરંતુ અભિનેતાની આ ફિલ્મને લઇને અપડેટ છે કે, તેની રિલીઝ તારીખ ફરી લંબાઇ ગઇ છે. ફિલ્મનું બજેટ ૭૦૦ કરોડ હોવાથી કોઇ આ જોખમ ખેડવાની હિંમત કરતું નથી. સિદ્ધાર્થ આનંદ પણ બજેટ સાંભળીને નીકળી ગયો છે. હવે ફિલ્મની નવી ટીમને આવતા સમય લાગવાનો હોવાથી શૂટિંગ ૨૦૨૬માં શરૂ થાય તેવી શક્યતા છે. રિપોર્ટના અનુસાર, આ ફિલ્મને સિદ્ધાર્થ આનંદ ડાયરેક્ટ કરવાનો હતો, પરંતુ તેણે આ ફિલ્મ છોડી દીધી છે. સૂત્રના દાવા અનુસાર, આ ફિલ્મનું બજેટ ૭૦૦ કરોડ રૂપિયા છે,જેથી કોઇ પણ પ્રોડકશન હાઉસ આટલી મોટી રકમ આપવા તૈયાર થતું નથી. નિર્માતાઓ આટલું મોટું જોખમ ખેડવા તૈયાર નથી. સિદ્ધાર્થ આનંદ અને ઋતિકની આ બાબતે મીટિંગ થયા પછી દિગ્દર્શકે ફિલ્મ છોડી દીધી છે. હવે ફિલ્મસર્જકે નવી ટીમ તૈયાર કરશે જે પહેલાના બજેટ પર કામ કરશે. ક્રિષ ૪નું શૂટિંગ ૨૦૨૫માં શરૂ થવાનું હતું પરંતુ હવે ફરી આ ફિલ્મનું શૂટિંગ લંબાઇ જતાં ૨૦૨૬માં શરૂ થાય તેવી શક્યતા છે. સિદ્ધાર્થ આનંદ બહાર નીકળે છે, રાકેશ રોશન હૃતિક રોશનની ક્રિશ ૪ને ડાયરેક્ટ નહીં કરે - રિપોર્ટ, ઋતિક રોશનની ફિલ્મ ક્રિશ ૪ નું નિર્માણ સિદ્ધાર્થ આનંદ અને રાકેશ રોશન દ્વારા કરવામાં આવનાર હતું, અને કરણ મલ્હોત્રા તેનું દિગ્દર્શન કરવા માટે તૈયાર છે. અભિનેતા ઋતિક રોશનની ફિલ્મ ક્રિશ ૪ ફરી એકવાર રિલીઝ થવામાં વિલંબ થયો છે. આ વખતે ફિલ્મને મોટો ફટકો પડ્યો છે કારણ કે ઋતિક રોશન અને રાકેશ રોશને સમયપત્રકના વિરોધાભાસને કારણે સિદ્ધાર્થ આનંદથી પરસ્પર અલગ થઈ ગયા છે. ક્રિશ ૪ નું નિર્માણ સિદ્ધાર્થ આનંદ અને રાકેશ રોશન દ્વારા કરવામાં આવનાર હતું.



## અમિતાભ કલ્કિ ટુનું શૂટિંગ મે મહિનાથી શરૂ કરશે

મુંબઈ : પ્રભાસ, અમિતાભ બચ્ચન અને દીપિકા પદુકોણની ફિલ્મ કલ્ડિ ૨૮૯૮ઠસ એડીની સીકવલની ચર્ચા લાંબા સમયથી થઈ રહી છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, અમિતાભ બચ્ચન જલદી જ કલ્કિ ટુનું શૂટિંગ શરૂ કરવાનો છે. અભિનેતા મે મહિનાથી શૂટિંગ શરૂ કરશે અને ૧૫ જુન સુધી ચાલુ રહેશે. એક રિપોર્ટના અનુસાર, અમિતાભ કલ્કિ ટુનું શૂટિંગ મે મહિનાથી શરૂ કરશે. અભિનેતા ફરી અશ્વત્થામાના રોલમાં પાછો ફરવાનો છે. આ ફિલ્મની વાર્તા આ વખતે વધુ રસપ્રદ છે અને જબરદસ્ત એકશન સીકવન્સો જોવા મળવાની છે. ફિલ્મમાં દીપિકા પદુકોણ, કમલ હાસન અને પ્રભાસ પણ દમદાર રોલ ભજવતા જોવા મળશે. આ ફિલ્મની વાર્તા આ વખતે વધુ રસપ્રદ છે અને જબરદસ્ત એકશન સીકવન્સો જોવા મળવાની છે અમિતાભ કેબીસીની ૧૬મી સીઝન પુરી કર્યા પછી નાગ અશ્વિનના દિગ્દર્શનમાં બનનારી કલ્કિનું શૂટિંગ શરૂ કરશે. અમિતાભ મે મહિનામાં શૂટિંગ શરૂ કરશે અને તેનો સ્કીન ટાઈમ પણ વધારી નાખવામાં આવ્યો છે.



### ફિલ્મ રોબિનહુડનું પ્રથમ લુક જાહેર

## ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડેવિડ વોર્નરનું તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ




ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમનો ડેવિડવાર્નર હવે તેલુગુ ફિલ્મમાં ડેબ્યુ કરવાનો છે. તે નિતિન અને શ્રીલીલી સાથે રોબિનહુડ ફિલ્મમાં કેમિયો કરવાનો છે. ફિલ્મસર્જકે ફિલ્મમાંનુ ડેવિડ વોર્નરનું પ્રથમ લુક પોસ્ટર શેર કર્યુ છે. આ ફિલ્મ ૨૮ માર્ચના રોજ રિલીઝ થવાની છે. ડેવિડ વોર્નરે ફિલ્મ રોબિનહુડનું પોતાનું પ્રથમ લુક પોસ્ટર શેર કરીને લખ્યું છે કે, ઈન્ડિયન સિનેમા, હું આવી રહ્યો છું. રોબિનહુડ ફિલ્મનો હિસ્સો બનીને રોમાંચિત છું. ફિલ્મના શૂટિંગ દરમિયાન મને બહુ આનંદ અને મજા આવી હતી. ફિલ્મ રોબિનહુડ પહેલા ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રિલીઝ થવાની હતી પરંતુ પછીથી તેની રિલીઝ તારીખ લંબાવવામાં આવી હતી. હવે આ ફિલ્મ ઈદના દિવસે રિલીઝ થવાની છે. પરંતુ આ દિવસે સલમાન ખાનની સિકંદર પણ રિલીઝ થવાની હોવાથી બન્ને ફિલ્મો રૂપેરી પડદે ટકરાશે. પરંતુ સાઉથમાં આ ફિલ્મ સલમાનની ફિલ્મ કરતાં કમાણીમાં આગળ નીકળશે તેવી લોકોની અપેક્ષા છે. ડેવિડ વોર્નર લાંબા સમયથી તેલુગુ સિનેમાનો ફેન છે. તે સોશિયલ મીડિયા પરપોતાના રીલ્સના કારણે લોકપ્રિય છે. તેમજ તેના હિંદી અને તેલુગુ ગીતો પરના ઘણા રીલ વાયરસ થયા છે. સાઉથમાં તેની સારી ફેન ફ્લોઈંગ પણ છે.

## કરીના કપૂરએ 'જબ વી મેટ' ફિલ્મ કરવાની ઘસીને ના કહી દીધી હતી

### આ ફિલ્મના શૂટિંગ દરમિયાન શાહિદ કપૂર-કરીના કપૂર વચ્ચે અંતર વધી ગયું અને બાદમાં તેઓ અલગ થઈ ગયા

એક સમય હતો કે જયારે કરીનાએ 'જબ વી મેટ' ના નિર્માતાઓને ના પાડી દીધી હતી, એક વ્યક્તિએ તેને મનાવી લીધી અને પછી આ ફિલ્મ બમ્પર હિટ બની.બોલિવૂડના ઓન-સ્કીન કપલ શાહિદ કપૂર અને કરીના કપૂર જયપુરમાં તેમની મુલાકાતને લઈને સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે. ત્યારે એક વાત જાણવી રસપ્રદ થઈ પડશે.જ્યારે પણ બોલિવૂડની શ્રેષ્ઠ રોમેન્ટિક ફિલ્મોનો ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે 'જબ વી મેટ'નું નામ ચોક્કસપણે તેમાં સામેલ થાય છે. દર્શકોને આ ફિલ્મ એટલી બધી ગમી કે શાહિદ અને કરીનાની જોડી સ્ટાર બની ગઈ, પરંતુ આ ફિલ્મના દિગ્દર્શકને પણ ખૂબ પ્રશંસા મળી. આજે પણ, દર્શકો આ ફિલ્મમાં એક શ્રીમંત પરિવારના છોકરા અને એક સ્થાનિક છોકરી વચ્ચેની અનોખી પ્રેમકથાને ખૂબ જ રસપૂર્વક માણે છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે કરીના ક્યારેય આ ફિલ્મ કરવા માંગતી નહોતી.ઓક્ટોબર ૨૦૦૭માં રિલીઝ થયેલી 'જબ વી મેટ' દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીની બીજી ફિલ્મ હતી. જોકે ઘણા લોકોને લાગ્યું કે આ ફિલ્મમાં બહુ શક્યતા નથી, પરંતુ રિલીઝ થયા પછી, તે બમ્પર હિટ સાબિત થઈ, જેનાથી બધા ડરનો અંત આવ્યો.આજે પણ, ચાહકો આ ફિલ્મના દરેક પાત્રના શક્તિશાળી અને રસપ્રદ સંવાદો, શાનદાર ગીતો અને ઉત્તમ અભિનયથી પ્રભાવિત છે. ફિલ્મમાં શાહિદ અને કરીના વચ્ચેની કેમેસ્ટ્રી દર્શકોને ખૂબ જ ગમી.ખાસ વાત એ છે કે જ્યારે કરીના કપૂરને નિર્માતાઓ તરફથી આ ફિલ્મની ઓફર મળી ત્યારે તેણે તેમાં કામ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. ખરેખર, કરીના કપૂર પડદા પર કેટલાક ખાસ પાત્રો ભજવવા માંગતી હતી. આ અનોખા પાત્ર માટે કરીનાએ દોઢ વર્ષનો વિરામ લીધો હતો.ખરેખર, આ દિગ્દર્શક ઈમ્તિયાઝ અલીની માત્ર બીજી ફિલ્મ હતી, તેથી કરીના કપૂર શંકાસ્પદ હતી. જોકે, આ પહેલા ઈમ્તિયાઝની પહેલી ફિલ્મ 'સોચા ના થા' પણ ખૂબ પ્રશંસા પામી હતી.જ્યારે કરીનાએ આ પ્રોજેક્ટનો ઈનકાર કર્યો, ત્યારે શાહિદ કપૂરે તેને તેમાં કામ કરવા માટે મનાવી લીધી. કરીનાએ પોતે એક ઈન્ટરવ્યુ દરમિયાન આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. કરીનાએ જણાવ્યું કે ઈમ્તિયાઝે શાહિદને ફોન કરીને ફિલ્મ વિશે જણાવ્યું. જોકે અમે ઈમ્તિયાઝને ઓળખતા પણ નહોતા. મેં તેની પહેલી ફિલ્મ 'સોચા ના થા' જોઈ નહોતી, મને લાગે છે કે કદાચ શાહિદે આ ફિલ્મ જોઈ હશે. મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આ ફિલ્મ આટલી પ્રતિષ્ઠિત ફિલ્મ બનશે. ખરેખર, આ સમયગાળા દરમિયાન, શાહિદ અને કરીના લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. આ કારણોસર, શાહિદે કરીનાને ફિલ્મમાં તેની સાથે કામ કરવા માટે મનાવી લીધી હતી.



## અભિનેત્રી વિદ્યા બાલને છ મહિના સુધી મિરરમાં પોતાનો ચહેરો જોયો નહોતો

### એક સમય એવો હતો જ્યારે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં વિદ્યાને અપશુકનિયાળ માનવામાં આવતી હતી

વિદ્યા બાલને બોલિવૂડમાં ભલે ગણીગાંઠી ફિલ્મો કરી હોય, પરંતુ દરેક ફિલ્મમાં તેણે પોતાના અભિનયથી દર્શકોના દિલોદિમાગ પર ઊંડી છાપ છોડી છે. તેના નામે કેટલીક આઈકોનિક ફિલ્મો પણ બોલે છે. 'કહાની', 'ધ ડર્ટી પિક્ચર' અને 'ઈશ્કિયાં'થી તેણે પોતાની અદાકારીનું હુનર સાબિત કરી બતાવ્યું છે. ૧૭ વર્ષ પછી ભૂલભૂલૈયા-૩માં મજુંલિકા તરીકે પરત ફરી તો ફરીથી દર્શકોને પોતાના દિવાના બનાવી દીધા. પણ ફિલ્મી દુનિયાની તેની સફર જરાય આસાન નથી રહી.એક સમય એવો હતો જ્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેને અપ શુકનિયાળ માનવામાં આવતી હતી. કેમકે જે રોલ માટે તેને પસંદ કરવામાં આવે, તેમાંથી તેને રિપ્લેસ કરી નાખવામાં આવતી હતી. તેને સાઈન કરી લેવામાં આવી હોય તો પણ એ રોલ બીજી અભિનેત્રીને આપી દેવામાં આવતો હતો.વિદ્યાએ સંઘર્ષના શરૂઆતના દિવસનો એક કિસ્સો તાજેતરમાં જણાવ્યો હતો. એક તમિલ ફિલ્મ માટે તેણે કેટલાક દિવસોનું શૂટિંગ કર્યુ હતું. પણ પછી તેને અચાનક રિપ્લેસ કરી દેવામાં આવી. તેણે ફિલ્મ મેકરને મળવા માટે સમય માંગ્યો અને માતા-પિતા સાથે તેમને મળવા ગઈ.ચેન્નઈમાં ફિલ્મમેકરની ઓફિસમાં તેને પ્રોડ્યુસરે વિદ્યાના શૂટિંગ કરેલા રીલ તેના માતા-પિતા સામે બતાવ્યા અને પૂછ્યું? જરાય હીરોઈન જેવી લાગે છે? તેને એક્ટિંગ કેવી રીતે કરવી એ નથી આવડતું, ડાન્સ કેમ કરવો એ નથી આવડતું.વિદ્યાએ કહ્યું કે આ ઘટના બાદ મહિનાઓ સુધી તે મિરરમાં પોતાનો ચહેરો જોઈ નહોતી શકી. વિદ્યાને લાગતું હતું કે પોતે સુંદર દેખાય છે. એક્ટ્રેસે કહ્યું હતું કે ફિલ્મ બનાવનારને રિપ્લેસ કરવાનો પૂરો અધિકાર છે, પરંતુ તેઓ જે શબ્દો વાપરે છે, તેના પ્રત્યે સભાન રહેવું જોઈએ. કારણ કે શબ્દોમાં કોઈને તાકાત આપવાની અથવા તોડી નાખવાની પણ તાકાત હોય છે. વિદ્યાએ કહ્યું કે તે આ ઘટના કોઈ દિવસ નહીં ભૂલે. કેમકે આ ઘટનાએ તેને શીખવ્યું કે લોકો સાથે શાલીનતાપૂર્ણ વર્તન કરવું કેટલું જરૂરી છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો વિદ્યા બાલન ટૂંક સમયમાં ફરીથી મોટા પડદે જોવા મળશે. વિદ્યાએ ઉમેર્યુ કે પેનડેમિક પછી વુમન સેન્ટ્રિક ફિલ્મો બનાવવી વધુ મુશ્કેલ બની છે.



## સિંગર એઆર રહેમાનને હોસ્પિટલમાંથી રજા અપાઈ

### રહેમાનને છાતીમાં દુખાવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા

પ્રખ્યાત બોલિવૂડ ગાયક એઆર રહેમાન વિશે એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. રવિવારે સવારે એઆર રહેમાનની તબિયત અચાનક બગડી ગઈ. તેને છાતીમાં ખૂબ દુખાવો થઈ રહ્યો હતો. જે બાદ ગાયકને તાત્કાલિક ચેન્નાઈની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અને હવે એવા સમાચાર છે કે તેમને રજા પણ આપવામાં આવી છે. રવિવારે સવારે એઆર રહેમાનને છાતીમાં દુખાવાના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે સમાચાર એ છે કે ડોક્ટરોએ ચેકઅપ બાદ રજા આપી દીધી છે. સિંગરના પુત્રએ જણાવ્યું, "તેઓ હમણાં જ ઘરે પાછા ફર્યા છે. તેઓ બિલકુલ ઠીક છે. આજે સવારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોક્ટરોએ ત્યાં તેમના કેટલાક ટેસ્ટ કર્યા. પરંતુ હવે બધું બરાબર છે અને તેમની તબિયત પણ સારી છે."અગાઉ, એઆર રહેમાનના મેનેજરે તેમના સ્વાસ્થ્ય અંગે અપડેટ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, "તેમને ગરદનમાં દુખાવો થતો હતો, ત્યારબાદ તેમને એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અહીં તેમના કેટલાક જરૂરી ટેસ્ટ કરવામાં આવ્યા છે અને તેમને થોડા કલાકોમાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવશે. રહેમાન હવે બિલકુલ ઠીક છે."



## સુનીલનો દોહિત્ર સિદ્ધાર્થ બોલીવુડમાં ડેબ્યુ કરે તેવી ચર્ચા

### સંજય દત્ત વિશે વાત કરીએ તો, છેલ્લા કેટલાક સમયથી તે બોલિવૂડમાં ઓછો અને દક્ષિણ સિનેમામાં વધુ સક્રિય છે

બોલિવૂડના શક્તિશાળી અભિનેતા સંજય દત્તનું ફિલ્મ ઉદ્યોગમાં એક અલગ જ સ્થાન છે. સંજય દત્ત છેલ્લા ચાર દાયકાથી બોલિવૂડ પર રાજ કરી રહ્યા છે. સંજય દત્ત હવે બોલિવૂડની સાથે દક્ષિણ સિનેમામાં પણ પોતાની છાપ છોડી રહ્યા છે. પિતા સુનીલ દત્ત પછી સંજય એકમાત્ર એવો અભિનેતા છે જે તેમના વારસાને આગળ ધપાવી રહ્યો છે. સંજયને બે બહેનો (પ્રિયા અને નમ્રતા દત્ત) છે, જે ફિલ્મી દુનિયાથી સંપૂર્ણપણે દૂર છે. સંજય દત્તની બહેન પ્રિયા દત્ત એક ભારતીય રાજકારણી અને સામાજિક કાર્યકર છે. પ્રિયાએ ૨૦૦૩ માં ઉદ્યોગપતિ ઓવેન રોનકોન સાથે લગ્ન કર્યા. આ લગ્નથી તેમને બે પુત્રો થયા, સુમેર અને સિદ્ધાર્થ. સંજય દત્તના બંને ભાણેજ હવે મોટા થઈ ગયા છે અને પોતાનો અભ્યાસ કરી રહ્યા છે.પ્રિયા દત્ત સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે અને તેના પરિવાર સાથેની તસવીરો શેર કરે છે. સંજય દત્તના ભાણેજ સિદ્ધાર્થની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પર છે, જે તેની માતા પ્રિયા દત્તે શેર કરી છે. સિદ્ધાર્થ તેના સ્ટાર મામા સંજય દત્ત જેવો ઊંચો અને સુંદર છે., સિદ્ધાર્થ યુએસસી સ્કૂલ ઓફ સિનેમેટિક આર્ટ્સ (યુએસ) ના ગેટ પર ઉભો છે. વાસ્તવમાં, સંજય દત્તના ભાણેજએ યુએસસીમાંથી ફિલ્મ નિર્માણ અને અભિનયના વર્ગો લીધા છે અને જ્યારે તે અહીંથી સ્નાતક થયો ત્યારે તેનો ફોટો પણ સામે આવ્યો હતો. સંજય દત્ત વિશે વાત કરીએ તો, છેલ્લા કેટલાક સમયથી તે બોલિવૂડમાં ઓછો અને દક્ષિણ સિનેમામાં વધુ સક્રિય છે યુએસસી લોસ એન્જલસમાં એક જાણીતી સિનેમેટિક આર્ટ્સ સ્કૂલ છે, જ્યાં ઘણા હોલીવુડ સ્ટાર્સે તાલીમ લીધી છે.સંજય દત્ત વિશે વાત કરીએ તો, છેલ્લા કેટલાક સમયથી તે બોલિવૂડમાં ઓછો અને દક્ષિણ સિનેમામાં વધુ સક્રિય છે. સંજય દત્તે ફિલ્મ કેજીએફ ૨ થી દક્ષિણ સિનેમામાં પોતાની ઓળખ બનાવી અને ત્યારથી તે લીઓ અને ડબલ આઈ-સ્માર્ટ જેવી દક્ષિણ ફિલ્મોમાં દેખાયા છે. સંજય દત્ત છેલ્લે બોલિવૂડ ફિલ્મ ઘુડાચઢી (૨૦૨૪) માં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં સંજય દત્ત સાથે રવિના ટંડન પણ હતી. હવે સંજય દત્ત શેરા દી કોમ પંજાબી, કેજી- ધ ડેવિલ, બાપ અને વેલકમ ૩ ફિલ્મોમાં જોવા મળશે





# લખનઉ ડિવિઝનમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

। અમદાવાદ, તા.૧૭ ।

ઉત્તર રેલ્વે લખનઉ ડિવિઝનના કાનપુર સેન્ટ્રલ-લખનઉ-એશબાગ સેક્શનમાં બ્રિજ નં. ૧૧૦ પર એન્જિનિયરિંગ કાર્ય માટે ટ્રાફિક અને પાવર બ્લોકને કારણે, અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:

સંપૂર્ણપણે રદ ટ્રેનો :

૧. ૨૧, ૨૮ માર્ચ અને ૪, ૧૧, ૧૮, ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગાંધીધામથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ રદ રહેશે.

૨. ૨૪, ૩૧ માર્ચ અને ૭, ૧૪, ૨૧, ૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ભાગલપુરથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સ્પેશિયલ રદ રહેશે.

૩. ૨૧,૨૮ માર્ચ અને ૪,૧૧,૧૮, ૨૫ એપ્રિલ ૨૦૨૫ ના રોજ અમદાવાદથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સ્પેશિયલ રદ રહેશે.

૪. ૨૪,૩૧ માર્ચ અને ૭,૧૪,૨૧, ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ દરભંગાથી ચાલનારી ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સ્પેશિયલ રદ રહેશે.

પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનો :

૧. ૨૨,૨૪,૨૯,૩૧ માર્ચ અને ૫,૭,૧૨,૧૪,૧૯,૨૧,૨૬,૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગોરખપુરથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૪૧૦ ગોરખપુર-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ બુઢવલ-લખનઉ-કાનપુર સેન્ટ્રલ-કાસગંજને બદલે પરિવર્તિત માર્ગ વાયા બુઢવલ-સીતાપુર સિટી-શાહ-જહાંપુર-કાસગંજ ના રસ્તે ચાલશે

૨. ૨૦,૨૭ માર્ચ અને ૩,૧૦,૧૭,૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ મુઝફ્ફરપુરથી ચાલનારી ટ્રેન નંબર ૧૫૨૬૯ મુઝફ્ફરપુર-સાબરમતી જનસાધારણ એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગોરખપુર-લખનઉ-કાનપુર સેન્ટ્રલના બદલે છપરા-વારાણસી સિટી-વારાણસી-પ્રયાગરાજ રામબાગ-પ્રયાગરાજ-કાનપુર સેન્ટ્રલ ના રસ્તે ચાલશે

૩. ૨૦,૨૭ માર્ચ અને ૩,૧૦,૧૭,૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગોરખપુરથી ચાલનારી ટ્રેન નં. ૧૫૦૪૫ ગોરખપુર-ઓખા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ ગોરખપુર-એશબાગ-કાનપુર સેન્ટ્રલ ના બદલે પરિવર્તિત માર્ગ વાયા ગોરખપુર-ઔંડિહાર-જૌનપુર-જંઘઈ-ફાફામઉ-પ્રયાગરાજ-કાનપુર સેન્ટ્રલ ના રસ્તે ચાલશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે

### ૧૮૧ અભયમ ટીમની સરાહનીય કામગીરીથી પીડિત મહિલાને મળ્યો સમસ્યાનો ઉકેલ

# પીડિત મહિલાએ પતિની અઘટિત માંગણીઓ અને વિચિત્ર હરકતોથી કંટાળીને લીધો ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સહારો

। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનને અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાંથી એક મહિલાનો કોલ આવ્યો. મહિલાએ ફોન પર જણાવ્યું હતું કે, તેના પતિ ઘરે આવીને તેણીને હેરાન કરે છે. આ મહિલાએ ૧૮૧ના સ્ટાફને આવીને તેના પતિને સમજાવવા વિનંતી કરી હતી.

મહિલાએ જણાવેલ સરનામે ૧૮૧ અભયમ ટીમ તાત્કાલિક પહોંચી ગઈ. પીડિત મહિલાનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું હતું કે, તેમના લગ્નને ૧૦ વર્ષ થયાં હતાં અને તેમને કોઈ સંતાન ન હતું. મહિલાના પતિ કોઈ કામ-ધંધો કરતા ન હતા. પીડિતાએ પોતાનું એક મકાન લીધું હતું, જેમાં બન્ને પતિ-પત્ની રહેતાં હતાં. મહિલાના પતિ ફોનમાં પોર્ન વિડિયો જોતા અને તે જ રીતે મહિલાને શારીરિક સુખ આપવા હેરાન કરતા હતા તેમજ પથારીમાં અવારનવાર બાથરૂમ કરી જતા હતા. ઉપરાંત, તેમની કૌટુંબિક જમીન વેચતાં જે પૈસા આવ્યા હતા, તે મહિલાના પતિ અને સાસુએ તેમની પાસે રાખી લીધા હતા. પતિની અઘટિત માંગણીઓ અને હરકતોથી કંટાળેલા બહેને પતિથી અલગ રહેવાનું શરૂ કર્યું, છતાં પતિ દરરોજ પીડિતાના ઘરે આવી પીડિતાને હેરાન કરતા અને લગ્ન સમયે આપેલા ઘરેણાંની માંગણી કરતા હતા.

પીડિતાએ આ વિષય પર વધુમાં જણાવ્યું હતું કે, લગ્ન સમયે આપેલ તમામ ઘરેણાં સાસુએ લઈ લીધા હતા છતાં પતિ તે ઘરેણાની માંગણી કરતા હતા. પીડિતાના માતાએ શ્રીમંતના ૫ દાગીના આપ્યા હતા એ ઘરેણાંની માંગણી પણ પતિ દ્વારા કરવામાં આવતી હતી. આ સિવાય પીડિતા બહેન પાસે રહેલા બીજા ઘરેણાં બહેને પોતે આત્મનિર્ભર બની, પૈસા કમાઈને લીધા હતા.

આ તમામ બાબતો જાણ્યા બાદ અને પીડિતાના પતિનું કાઉન્સેલિંગ કર્યા બાદ અભયમ ટીમ દ્વારા તેમને પત્નીના ઘરે ન જવા કહેવામાં આવ્યું હતું.

પીડિતાના પતિએ કાઉન્સેલિંગ દરમિયાન કહ્યું હતું કે, તે પત્નીથી છૂટાછેડા લઈને તે બીજા લગ્ન કરવાની ઈચ્છા ધરાવે છે એટલે જ્યાં સુધી પત્ની દાગીના નહિ આપે તે પત્નીના ઘરે જવાનું બંધ નહીં કરે.

# આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં દબાણ બાબતે બેદરકારી દાખવનાર એકમો પાસેથી દંડ વસૂલાયો

। (માહિતી) આણંદ, તા.૧૭ ।

આણંદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મિલિન્દ બાપનાના આદેશ અનુસાર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા વિવિધ વિસ્તારોના જાહેર રોડ રસ્તાઓ પર ગેરકાયદેસર પાર્કિંગ અને કન્સ્ટ્રક્શન સાઈટ ઉપર જાહેર માર્ગ પર રેતી-કપચી અને કન્સ્ટ્રક્શનના વિવિધ સામાનના કારણે જાહેર લોકોને થતી હાલાકી નિવારવા માટે મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ ની દબાણ ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં દબાણ હટાવવાની ઝૂબેશ હાથ ધરવામા આવી છે. આ ટીમ દ્વારા આકસ્મિક તપાસ કરતા વિવિધ એકમો દ્વારા દબાણ બાબતે બેદરકારી રાખવામાં આવતાં આવા એકમોમાં ડી-માર્ટ, તુલસી ગરનાળા પાસે, આણંદ, નારાયણ હબ , કલેકટર કચેરી પાસે, આણંદને નોટિસ આપી દરેક એકમ દીઠ રૂ.૫૦,૦૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે, આમ આ બંને એકમો પાસેથી કુલ રૂ.૧,૦૦,૦૦૦/- વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ એકમોને ભવિષ્યમાં પણ દબાણ અને પાર્કિંગ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા પર બેદરકારી દાખવશે તો દંડનીય કાર્યવાહી કરી એકમને સીલ કરવાની ફરજ પડશે, તેમ જણાવ્યુ છે. વધુમાં આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં જાહેર રોડ, રસ્તાઓ પર ગેરકાયદેસર પાર્કિંગ અને કન્સ્ટ્રક્શન સાઈટ-ના રેતી-કપચી અને કન્સ્ટ્રક્શનના વિવિધ સામાન લોકોને અડચણ થાય તે રીતે ન મૂકવા મ્યુનિસિપલ કમિશનર શ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વિરમગામ ખાતે સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નો' પ્રારંભ



। (માહિતી) અમદાવાદ, તા.૧૭ ।

ગુજરાત સરકારના રમત-ગમત અને યુવક સેવા વિભાગના સહયોગ તેમજ વિરમગામ, માંડલ અને દેત્રોજ ક્રિકેટ એસોસિયેશન અને ધારાસભ્યશ્રી હાર્દિક પટેલ દ્વારા આયોજીત સામાજિક એકતા ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫ નો આજે વિરમગામ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો. વિરમગામ વિધાનસભાની ૯૦ ટીમોએ ભાગ લીધો છે. સતત બીજા વર્ષે આ આયોજન ગ્રામ્ય સ્તરના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે કરી રહ્યા છે, ૩૦ દિવસ આ ક્રિકેટનો મહાકુંભ ચાલશે. ટુર્નામેન્ટનું લાઈવ પ્રસારણ તેમજ તમામ ખેલાડીઓને ડ્રેસ વિતરણ અને શ્રેષ્ઠ ખેલાડીઓ તેમજ વિજેતા ટીમને આકર્ષણ ઈનામો વિતરણ કરવામાં આવશે.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અમિતભાઈ ઠાકર, ધારાસભ્ય શ્રી કનુભાઈ કોળી પટેલ, ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર, ધારાસભ્ય શ્રી બાબુસિંહ જાદવ, ધારાસભ્ય શ્રી પીકે પરમાર, ધારાસભ્ય શ્રી સુખાજી ઠાકોર, ધારાસભ્યશ્રી કિરીટસિંહ ડાભી,ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી શૈલેષભાઈ દાવડા, ભાજપ યુવા મોરચાના પૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ અને પૂર્વ પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદીપસિંહ વાઘેલા, તેમજ ભાજપના જિલ્લા અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદા જિલ્લાના રાજપીપળાના ઐતિહાસિક હરસિધ્ધિ માતાની નગરચર્યા ભવ્ય શોભા યાત્રા નીકળી



। (માહિતી) રાજપીપળા, તા.૧૭ ।

નર્મદાજિલ્લાના ઐતિહાસિક રાજપીપળા ખાતેના હરસિધ્ધિ માતાજીનો ઉત્સવ તા.૧૬ અને ૧૭ ના રોજ પ્રાગટ્ય દિવસની ઉજવણી નિમિત્તે આજે ભવ્ય શોભાયાત્રા યોજાઇ હતી. જેમાં બપોરે ૩:૩૦ કલાકે હરસિધ્ધિ માતાના મંદિરે મોટી સંખ્યામાં ભક્તો દ્વારા દર્શન પૂજા અને આરતી કરીને ભવ્ય શોભાયાત્રા ઢોલ નગારા બેન્ડવાજા અને માની રથમાં નગર સવારી શોભાયાત્રા નીકળી હતી જેમાં સાંસદશ્રી મનસુખભાઇ વસાવા અને ધારાસભ્યશ્રી ડૉ. દર્શનાબેન દેશમુખ અને મંદિરના ટ્રસ્ટી ભક્તો બહેનો યુવાનો મોટી સંખ્યામાં હર્ષોલ્લાસ અને ગરબે ઘૂમી માની ભક્તિ ભાવપૂર્વક શોભાયાત્રા કાઢી હતી ઠેર- ઠેર માતાજીના રથનું સ્વાગત અને રસ્તાના રુટમાં સંતોષ ચોકડી, સફેદ ટાવર, સ્ટેશન રોડ થઈ રાજરોક્ષી વગેરે સ્થળોએ વેપારીઓ દ્વારા સ્વાગત કરી અને શણગારેલા ગેટથી માતાજીના રથને પુષ્પા વર્ષા કરી હતી અને ઉત્સાહ ઉમંગ સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. નગરજનો દ્વારા ઠેરઠેર ભાવિકભક્તો માટે ઠંડા પાણીની પરબ, સરબત, છાસ વિતરણ કરવામાં આવ્યું હતુ. આવતીકાલે તા. ૧૭મીએ માતાજીનો પ્રાગટ્ય દિવસ યોજવામાં આવશે જેમાં નવચંડી યજ્ઞ સવારે ૮:૦૦ કલાકે, ૧૦:૦૦ કલાકે અન્નકૂટ દર્શન સાંજે ૫:૩૦ કલાકે શ્રીફળ હોમવાની વિધિ, સાંજે ૬:૩૦ મહાપ્રસાદી અને રાત્રે ૮ કલાકે ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્ય ઉજવણીમાં જાહેર જનતાને ભક્તોને પધારવા માટે શ્રી હરસિધ્ધિ મંદિર રાજપીપળા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પોલીસ દ્વારા નગરયાત્રામાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત, ટ્રાફીક વ્યવસ્થાપન અને આરોગ્ય વિભાગ દ્વારા એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજપીપળાના મહારાજા વેરીસાલજી મહારાજ ૪૫૦ વર્ષ પહેલા માતાજીને ઉજજૈનથી રાજપીપળા લાવ્યા હતા અને આજે જે હરસિધ્ધિ માતાનું મંદિર ઐતિહાસિક અને લાખો ભક્તોની આસ્થા શ્રદ્ધાનું પવિત્ર મંદિર છે જ્યાં નવરાત્રી અને પ્રાગટ્ય મહોત્સવ વખતે ભવ્ય આયોજન કરવામાં આવે છે.

### ઝાલોદ તાલુકાના અંદાજીત ૨૧૫થી વધુ આરોગ્ય કર્મચારીઓ હડતાલ પર

# ઝાલોદ તાલુકાના જિલ્લા પંચાયત હસ્તક આરોગ્ય કર્મચારીઓની હડતાલથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓની આરોગ્ય સેવા ખોરવાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

જિલ્લા પંચાયત હસ્તક આરોગ્ય કર્મચારીઓ ૧૭-૦૩-૨૦૨૫ સોમવારના દિવસથી ગુજરાત રાજ્ય આરોગ્ય મહાસંઘના આદેશથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરેલ છે. ઝાલોદ તાલુકાનાપી.એચ.સીસેંટરનાઅંદાજીત૨૧૫થીવધુ આરોગ્ય કર્મચારીઓ પોતાની માંગણીઓ પૂરી કરવા માટે હડતાલમાં જોડાઈ સમર્થન કરેલ છે. હડતાલ પર ઉતરેલ કર્મચારીઓના વહીવટી અને નાણાકીય પડતર પ્રશ્નોનું સુખદ નિરાકરણ નહીં આવે ત્યાં સુધી વર્ગ-૩ ના તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરેલ છે.

ઝાલોદ તાલુકામાં જિલ્લા પંચાયત હેઠળ અંદાજીત સત્તર જેટલી પી.એચ.સી સેંટર કાર્યરત છે જેમાં બસો પંદર થી વધુ મેલ અને ફીમેલ આરોગ્ય કર્મચારીઓ સરકારની વિવિધ આરોગ્ય સેવા અન્વયે કામગીરી કરી રહેલ છે. આરોગ્ય કર્મચારીઓની હડતાલ થી સીધો અસર ગ્રામ્ય વિસ્તારમાં રહેતા દર્દીઓને પડનાર છે. વર્ગ-૦૩ ના આરોગ્ય કર્મચારીઓ ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર દ્વારા ચાલતી વિવિધ આરોગ્ય સેવા ખોરવાઈ જશે. એમપી.એચ.ડબ્લ્યુ, એફ.એચ.ડબ્લ્યુ, એમ.પી. એચ.એસ, એફ.એચ.એસ, ટી.એચ.એસ, ટી.એચ.વીના આરોગ્ય કર્મચારીઓ હડતાલ પર ઉતરેલ છે. આરોગ્ય કર્મચારીઓની હડતાલ થી મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારના દર્દીઓને મલેરિયા, કુટુંબ કલ્યાણ, મમતા દિવસ, મિશન ઈન્દ્ર ધનુષ, પાણી જન્ય રોગચાળો, ટીબી-લેપ્રેસી, શાળા આરોગ્ય કામગીરી, પોલિયો તેમજ ચેપી બિન ચેપી જેવા રોગો સાથે લડનાર તેમજ સરકારની ૫૬ જેટલી આરોગ્ય સેવાનો લાભ લેનાર દર્દીઓને આનો સીધો અસર થનાર છે.

### શોભાયાત્રા માટે રામ ભગવાનની નવી મૂર્તિ લાવવા અંગે વિચારણા કરવામાં આવી

# ઝાલોદ નગરમાં આગામી રામનવમીના આયોજન હેતુ કાર્યકર્તાઓની મીટીંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૭ ।

ઝાલોદ નગરના વણકતલાઈ હનુમાનજી મંદિર ખાતે આગામી રામનવમી ને લઈ આયોજન હેતુ નગરના હિન્દુ સમાજના કાર્યકર્તાઓની મીટીંગ રાત્રીના ૮ વાગે યોજાઈ હતી. આ મીટીંગમાં નગરના હિન્દુ કાર્યકર્તાઓ મોટા પ્રમાણમાં આવેલ હતા અને રામ નવમીના ઉત્સવને લઈને કાર્યકર્તાઓમા અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આ મીટીંગમાં નગરમાં નીકળનાર રામયાત્રામા ભગવાન શ્રી રામની નવીન મૂર્તિ લાવવા અંગે વિચારણા કરવામાં આવી હતી. તેમજ નગરમાં રામયાત્રાનો રૂટ, કાર્યકર્તાઓમા સાથે રહી કામગીરી કરે, રૂટની મંજૂરી લેવી, રથનો શણગાર કરવો, ડીજે કરવું જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી તેમજ વિશેષમાં ભગવાન શ્રી રામની શોભાયાત્રામા કોઈ પણ વ્યક્તિ નશાનું સેવન ન કરે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો અને શોભાયાત્રા દરમ્યાન કોઈ પણ ઉશ્કેરણી કે કાયદાનો ભંગ થાય તેવું કોઈ પણ કૃત્ય કોઈ પણ વ્યક્તિએ કરવું નહીં આ મુદ્દાઓને લઈ મીટીંગમાં સર્વ સંમતિ યોજી મીટિંગ પુરી કરવામાં આવી હતી.

# દેવગઢ બારીયા તાલુકા હેલ્થ ઓફિસ ખાતે આશા સંમેલન યોજાયું




। (માહિતી) દાહોદ, તા.૧૭ ।

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકા હેલ્થ ઓફિસ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ઉદય ટીલાવતના માર્ગદર્શન હેઠળ તથા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ગિરિવર બારીયા, તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. કલ્પેશ બારીયાની ઉપસ્થિતમાં આશા સંમેલન યોજવામાં આવ્યું હતું. આરોગ્ય પ્રોગ્રામમાં છેવાડાના માનવી સુધી આરોગ્ય સેવાઓ ક્ષેત્રે સારી કામગીરી કરેલ આશા બહેનોનું અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનુ



તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડો. કલ્પેશ બારીયા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ માતૃ અને બાળ આરોગ્ય સેવાઓ અવિરત પણે મળતી રહે તે સુનિશ્ચિત કરવા જણાવવામા આવ્યું હતું.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમને ખુબજ આનંદ તથા મોજમજા મળશે કારણ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. મુશ્કેલીના સમયમાં તમારી મદદ કરનારા સંબંધીઓ તરફ તમારી કૃતજ્ઞતા વ્યક્ત કરો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમે નવરાશની મજા માણવાના છો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. તમારા પ્રેમી-પ્રેમિકા દ્વારા કરવામાં આવતી ટિપ્પણીઓ અંગે તમે ખૂબ જ સંવેદનશીલ હશો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો પણ એ બાબત સત્યથી સદંતર અલગ છે.તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક હશે.તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો.

**સિંહ (મ,ટ) :**

આજના બાળક જેવો તમારો સ્વભાવ ઉભરાઈ આવશે અને તમે આનંદના મિજાજમાં હશો. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો તે આજ ના દિવસે કીધા વગર તમારા પૈસા પાછા આપી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે નવરાશની મજા માણવાના છો. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે. એકાએક થયેલો રૉમેન્ટિક મેળાપ તમારા મિજાજને ખીલવશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ખોરાક ની બાબતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારો પ્રણય સાથીદાર તમારી ખુશામત કરશે-આ એકલવાયા વિશ્વમાં મને એકલો-એકલી ન મુકતા.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

## ભારતમાં ૧૮૨ કે વધુ દિવસ રહ્યાં હોય તો જ NRI પર ટેક્સ લાગુ પડેઃ ટ્રિબ્યુનલ




। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

નોકરી માટે વિદેશ જતાં હજારો બિનનિવાસી ભારતીયો (NRI) લાભ થાય તેવા એક ચુકાદામાં મુંબઈ ઈનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ITAT)એ સ્પષ્ટતા કરી હતી કે માત્ર ભારતમાં વિતાવેલા દિવસોની સંખ્યાને આધારે જ NRIના ટેક્સ રેસિડેન્શિયલ સ્ટેટસનો નિર્ણય કરી શકાય છે. વિદેશમાં નોકરી શોધવા માટે વિતાવેલો સમયગાળો પણ વિદેશમાં વિતાવેલો સમયગાળો ગણાય છે. બિનનિવાસી ભારતીયો (એનઆરઆઈ) પર ભારતમાં સામાન્ય રીતે વિદેશી આવક પર ટેક્સ લાગું પડતો નથી, પરંતુ તે માટે વિદેશમાં ૨૧૦થી વધુ દિવસો વીતાવવા પડે છે. ટ્રિબ્યુનલે ગુલાટી નામના એક વ્યક્તિની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે તેમનો ટેક્સ રેસિડેન્શિયલ સ્ટેટટ 'બિનનિવાસી' છે, કારણ કે તેમણે વિદેશમાં કામ કરવા માટે ૨૧૦ દિવસ વિતાવ્યા હતાં અને તેમણે દેશમાં ૧૮૨ દિવસથી ઓછા સમય વિતાવ્યા હતાં. તેમણે ૨૦૧૫-૧૬ના નાણાકીય વર્ષ માટે રૂ.૧.૨ કરોડની વિદેશી આવકનો ટેક્સ રિટર્નમાં ઉલ્લેખ કર્યો ન હતો. જોકે આઈટી વિભાગે દાવો કર્યો હતો કે આ ૨૧૦ દિવસમાંથી ૨૮ દિવસ નોકરીની શોધ માટે વિતાવ્યા હતાં અને તેથી ભારતમા તેઓ ટેક્સ રેસિડન્ટ છે. જોકે ટ્રિબ્યુનલે આઈટી વિભાગની દલીલને ફગાવી દીધી હતી. ટ્રિબ્યુનલનો આ ચુકાદો વિદેશમાં નોકરીનો સમયગાળો અને નોકરી શોધવાના સમયગાળા અંગે સ્પષ્ટતા કરે છે. આ બંને સમયગાળાને આધારે જ કોઈ વ્યક્તિ ટેક્સ રેસિડન્ટ છે કે નહીં તેનો નિર્ણય થઈ શકે છે. ભારતમાં ટેક્સ રેસિડેન્ટ હોય તેવા વ્યક્તિ તેની વૈશ્વિક આવક પર ટેક્સ ભરવો પડે છે. બીજી તરફ બિનનિવાસીએ પ્રોપર્ટીની ભાડાની આવક, બેન્ક વ્યાજ જેવી માત્ર ભારતમાંથી થયેલી આવક પર જ ટેક્સ ભરવો પડે છે. ભારતમાં વિતાવેલા સમયગાળાને આધારે કોઈ ટેક્સ રેસિડેન્સી સ્ટેટસ નક્કી થાય છે. આઈટી ધારાની જોગવાઈ જો એનઆરઆઈ એક વર્ષમાં ૧૮૨ કે વધુ દિવસો ભારતમાં રહે તો તેમની વૈશ્વિક આવક પર પણ ભારતમાં ટેક્સ ભરવો પડે છે.

### મુંગેર જિલ્લાની પોલીસે સમગ્ર ઘટનાક્રમમાં છ લોકોની ધરપકડ કરી

## બિહારમાં ટોળાના હુમલામાં વધુ એક પોલીસ અધિકારીનું મોત નિપજ્યુ

### મૃતકની ઓળખ એએસઆઈ સંતોષકુમાર સિંહ તરીકે થઈ છે, જે મુંગેરના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા

। (એજન્સી) મુંગેર, તા.૧૭ ।

બિહારના મુંગેર જિલ્લામાં લોકોના એક ટોળા દ્વારા હુમલો કરવાની ઘટનામાં એક પોલીસકર્મીનું મોત થયું છે. આ મામલામાં મુંગેર પોલીસે છ લોકોની ધરપકડ કરી છે, તેમ એક સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું છે. મૃતકની ઓળખ એએસઆઈ સંતોષકુમાર સિંહ તરીકે થઈ છે. જે મુંગેરના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા. એ ઈમરન્જસી નંબર ૧૧૨ સાથે જોડાયેલા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ બુધવારની રાત્રે આ પ્રકારની ઘટનામાં અરરિયા જિલ્લામાં પોલીસકર્મીઓ અને



લોકોના એક ટોળા વચ્ચે થયેલી જૂથ અથડામણમાં એક એએસઆઈનું મોત થયું હતું. સિનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું કે, એએસઆઈ અન્ય અધિકારીઓની સાથે શુક્રવારે રાત્રે ૮:૩૦ કલાકે એક ઝઘડાના મામલામાં તપાસ કરવા માટે નંદલાલપુર ગામ ગયા હતા. તપાસ દરમિયાન મારઝૂડ થઈ, આ દરમિયાન કેટલાક લોકોએ પોલીસકર્મી(એએસઆઈ) પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ડીજીપી વિનય કુમારે જણાવ્યું કે, એએસઆઈને ગંભીર ઈજા પહોંચી હતી. તેમને ત્વરિતપણે સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને પછી સારી સારવાર માટે પટના રેફર કરવામાં આવ્યા. જોકે, શનિવારે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલામાં પોલીસે છ લોકોની ધરપકડ કરી છે.

## PM મોદી, વિશ્વના નેતાઓને તંબુ, ખાડા નથી દેખાડવાઃ ટ્રમ્પ

### યુએસ પ્રમુખે વોશિંગ્ટન ડીસીની સફાઈ કરવાનો અને ગુનામુક્ત બનાવવાનો આદેશ આપ્યો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તાજેતરમાં તેમને મળવા માટે આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અને બીજા વૈશ્વિક નેતાઓને વોશિંગ્ટનમાં ઠેર ઠેર તંબુઓ, રસ્તા પર ખાડાઓ અને સરકારી ઈમારતો પર ભીંતચિત્રો જોવા મળે તેવું તેઓ ઈચ્છતા નહતાં. તેથી તેમણે અમેરિકાની રાજધાનીમાં સાફસફાઈનો આદેશ આપ્યો છે. એક કાર્યક્રમમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે અમે અમારા શહેરની સાફસફાઈ કરી રહ્યાં છીએ. અમે દિવાલો પરના ચિત્રણોને ઉતારીશું. અમે પહેલાથી જ તંબુ દૂર કરી રહ્યાં છીએ અને અમે વહીવટીતંત્ર સાથે કામગીરી કરી રહ્યા છીએ. ટ્રમ્પે જણાવ્યું હતું કે વિદેશ વિભાગની સામે જ ઘણાં બધાં તંબુઓ ઊભા કરાયા છે. તેમને દૂર કરવા પડશે. અમે એવી રાજધાની ઈચ્છીએ છીએ



જે દુનિયામાં ચર્ચાની કેન્દ્ર બને. અમેરિકાના પ્રેસિડન્ટને જણાવ્યું હતું કે છેલ્લા દોઢ સપ્તાહમાં ભારતના વડાપ્રધાન મોદી, ફ્રાન્સના પ્રેસિડન્ટ. બ્રિટનના વડાપ્રધાન મને મળવા આવ્યા હતાં. તેઓ આવ્યા ત્યારે મેં રસ્તો સાફ કરાવ્યો હતો. હું તેમને તંબુઓ જોવા દેવા માંગતો ન હતો. હું તેમને ચિત્રણો જોવા દેવા માંગતો ન હતો. હું તેમને તૂટેલા બેરિકેડ્સ અને રસ્તાઓમાં ખાડા જોવા દેવા માંગતો ન હતો. અમે શહેરને સુંદર દેખાડ્યું હતું. લોકો અહીં આવશે, ત્યારે તેમની લૂંટ, ગોળી કે બળાત્કારનો ભોગ બનવા દેવાશે નહીં. તે પહેલા કરતાં વધુ સ્વચ્છ અને વધુ સુરક્ષિત હશે અને તેમાં અમને વધુ સમય લાગશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ ફેબ્રુઆરીએ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક માટે વ્હાઈટ હાઉસ ગયાં હતાં. જાન્યુઆરીમાં ટ્રમ્પના પ્રેસિડન્ટ તરીકે શપથગ્રહણ પછી ટ્રમ્પની મુલાકાત લેનારા મોદી ચોથા વિદેશી નેતા હતાં. વ્હાઈટ હાઉસમાં બીજા કાર્યકાળની શરૂઆતના એક મહિના કરતા પણ ઓછા સમયમાં ટ્રમ્પે ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, જાપાની વડાપ્રધાન શિગેરુ ઈશિબા અને જોર્ડનના રાજા અબ્દુલ્લાનું સ્વાગત કર્યુ હતું. ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળમાં અત્યાર સુધી જે વિદેશી નેતાઓની યજમાની કરી છે.

## ભારતીય રેલવેની નાણાકીય સ્થિતિ સારી છે, મુસાફરોને પહેલા કરતાં વધુ સબસીડી આપી રહી છે : રેલ મંત્રી

। નવી દિલ્હી, તા.૧૭ ।

કેન્દ્રીય રેલ, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે રાજ્યસભામાં રેલ મંત્રાલયના કાર્યપ્રણાલી પર ચર્ચા દરમિયાન ભારતીય રેલવેની સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે ભારતીય રેલ મુસાફરોને સસ્તા ભાડા પર સલામત અને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડીને વૈશ્વિક સ્તરે અગ્રણી સ્થાન પ્રાપ્ત કરી રહી છે. આપણા દેશમાં રેલ ભાડું પડોશી દેશો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકાના રેલ ભાડા કરતા ઓછું છે, જ્યારે પશ્ચિમી દેશોમાં રેલ ભાડું ભારત કરતા ૧૦-૨૦ ગણું વધારે છે.

રેલ મુસાફરોને આપવામાં આવતી સબસિડી અંગે રેલ મંત્રીએ કહ્યું કે હાલમાં ટ્રેન દ્વારા પ્રતિ કિલોમીટર મુસાફરીનો ખર્ચ રૂા.૧.૩૮ છે, પરંતુ મુસાફરો પાસેથી માત્ર ૭૩ પૈસા વસૂલવામાં આવે છે, એટલે કે ૪૭% સબસિડી આપવામાં આવે છે. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મુસાફરોને રૂા.૫૭,૦૦૦ કરોડની સબસિડી આપવામાં આવી હતી, જે ૨૦૨૩-૨૪માં વધીને લગભગ રૂા.૬૦,૦૦૦ કરોડ થઈ હતી (પ્રોવિઝનલ ફિગર). અમારો ઉદ્દેશ્ય ઓછામાં ઓછા ભાડામાં સલામત અને સારી સેવાઓ પૂરી પાડવાનો છે.

રેલ વિદ્યુતીકરણના ફાયદાઓ પર પ્રકાશ પાડતા મંત્રીએ કહ્યું કે મુસાફરો અને કાર્ગોની સંખ્યામાં વધારો થવા છતાં ઊર્જા ખર્ચ સ્થિર રહે છે. ભારતીય રેલ ૨૦૨૫ સુધીમાં 'સ્કોપ ૧ નેટ ઝીરો' અને ૨૦૩૦ સુધીમાં 'સ્કોપ ૨ નેટ ઝીરો' હાંસલ કરશે. રેલ મંત્રીએ કહ્યું કે બિહારના માધૌરા ફેક્ટરીમાં ઉત્પાદિત લોકોમોટિવ્સની નિકાસ ટૂંક સમયમાં શરૂ થશે. ભારતીય રેલના પેસેન્જર કોચ મોઝામ્બિક, બાંગ્લાદેશ અને શ્રીલંકામાં નિકાસ કરવામાં આવી રહ્યા છે, તેમજ લોકોમોટિવ મોઝામ્બિક, સેનેગલ, શ્રીલંકા, મ્યાનમાર અને બાંગ્લાદેશમાં નિકાસ કરવામાં આવી રહ્યા છે. બોગી અંડર-ફ્રેમ્સ યુનાઈટેડ કિંગડમ, સાઉદી અરેબિયા, ફ્રાન્સ અને ઓસ્ટ્રેલિયામાં નિકાસ કરવામાં આવે છે અને પ્રોપલ્શન ભાગો ફ્રાન્સ, મેક્સિકો, જર્મની, સ્પેન, રોમાનિયા અને ઈટાલીમાં નિકાસ કરવામાં આવે છે.

આ વર્ષે ભારતે ૧,૪૦૦ લોકોમોટિવનું ઉત્પાદન કર્યું, જે અમેરિકા અને યુરોપના સંયુક્ત ઉત્પાદન કરતા પણ વધુ છે. ઉપરાંત, કાફલામાં ૨ લાખ નવા વેગન ઉમેરવામાં આવ્યા છે. રેલ મંત્રીએ કહ્યું કે ૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષમાં, ભારતીય રેલ્વે ૧.૬ અબજ ટન કાર્ગો વહન કરીને વિશ્વના ટોચના ૩ દેશોમાં સામેલ થશે, જેમાં ચીન, અમેરિકા અને ભારતનો સમાવેશ થશે. આ રેલવેની વધતી જતી સંભાવના અને લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકાને પ્રતિબિંબિત કરે છે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં જાહેરાત કરી કે રેલ સલામતી પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરીને ૪૧,૦૦૦ એલએચબી કોચ તૈયાર કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં તમામ આઈસીએફ કોચને એલએચબી થી બદલવામાં આવશે. લાંબી રેલ, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ, ફોગ સેફટી ડિવાઈસ અને 'કવચ' સિસ્ટમ્સનો વધુને વધુ અમલ કરવામાં આવી રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતા વૈષ્ણવે કહ્યું કે પહેલા રેલવેને રૂા.૨૫,૦૦૦ કરોડનો ટેકો મળતો હતો, જે હવે વધીને રૂા.૨.૫ લાખ કરોડથી વધુ થઈ ગયો છે. આનાથી માળખાગત સુવિધાઓમાં સુધારો થયો છે. તે જ સમયે, ૫૦ નમો ભારત ટ્રેનોનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે, જેમાં ટૂંકા અંતરની મુસાફરી માટે એસી અને નોન-એસી વિકલ્પો છે.

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર થયેલા તાજેતરના અકસ્માત અંગે, રેલ મંત્રીએ ગૃહને જણાવ્યું હતું કે આ દુઃખદ અકસ્માતની તપાસ એક ઉચ્ચ સ્તરીય સમિતિ કરી રહી છે. સીસીટીવી ફૂટેજ સહિતનો તમામ ડેટા સુરક્ષિત રાખવામાં આવ્યો છે, લગભગ ૩૦૦ લોકો સાથે વાત કરીને તથ્યોની ચકાસણી કરવામાં આવી રહી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે ૧૦ મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.

રેલ મંત્રીએ કહ્યું કે અમારી પ્રતિબદ્ધતા ગરીબમાં ગરીબ વ્યક્તિ માટે છે. આ જ કારણ છે કે એસી કોચ કરતાં જનરલ કોચની સંખ્યા અઢી ગણી વધારવામાં આવી રહી છે. વર્તમાન ઉત્પાદન યોજના મુજબ, ૧૭ હજાર નોન-એસી કોચ બનાવવાનો કાર્યક્રમ છે. આ સાથે તેમણે કહ્યું કે ભારતીય રેલની નાણાકીય સ્થિતિ સારી છે અને તેને સુધારવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોવિડ મહામારી સાથે સંકળાયેલા પડકારોને રેલ્વે એ સફળતાપૂર્વક પાર કર્યા છે. મુસાફરોની સંખ્યા વધી રહી છે અને માલવાહક ટ્રાફિકમાં વધારો જોવા મળી રહ્યો છે. હવે રેલવેની આવક લગભગ ૨ લાખ ૭૮ હજાર કરોડ રૂપિયા છે અને ખર્ચ ૨ લાખ ૭૫ હજાર કરોડ રૂપિયા છે. ભારતીય રેલવે પોતાની આવકમાંથી તમામ મુખ્ય ખર્ચ ઉઠાવી રહી છે, જે રેલ્વે ના સારા પ્રદર્શનને કારણે શક્ય બન્યું છે.

રાજ્યસભામાં પોતાના નિવેદનમાં, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ખાતરી આપી હતી કે ભવિષ્યમાં રેલ્વે વધુ આધુનિક, સલામત અને પર્યાવરણને અનુકૂળ પરિવહન પ્રણાલી તરીકે ઉભરી આવશે.

### કોર્ટે રોક લગાવી

## ડોનાલ્ડ ટ્રમ્પે ડીપોર્ટેશન માટે ૧૮મી સદીનો કાયદો ઉગામ્યો

। વોશિંગ્ટન, તા.૧૭ ।

અમેરિકામાં ડીપોર્ટેશનની કાર્યવાહીને ઝડપથી હાથ ધરવા માટે ટ્રમ્પ સરકારે ૧૮મી સદીના કાયદો અજમાવ્યો હતો. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, અમેરિકામાં વેનેઝુએલાની ગેંગના સભ્યોએ ઘૂસણખોરી કરી છે અને તેઓ દેશ માટે જોખમી હોવાથી તાત્કાલિક દેશનિકાલ જરૂરી છે. કોર્ટે ગણતરીના કલાકોમાં આ કાયદાના અમલ પર રોક લગાવતા સરકાર અને કોર્ટ આમને-સામને આવી ગયાં છે. કોલંબિયા ડિસ્ટ્રિક્ટ કોર્ટના ચીફ જજ જેમ્સ E બોસબર્ગે આ મામલે ઝડપી સુનાવણી હાથ ધરી હતી અને સરકારના હુકમ પર રોક લગાવી હતી. કોર્ટે ઠરાવ્યું હતં કે, સરકાર ઈમિગ્રન્ટ્સ સાથેની ફ્લાઈટને રવાના કરી દીધી છે.

ટ્રમ્પે જાહેરાત કરી હતી કે, વેનેઝુએલાની ખતરનાક ગેંગના ૩૦૦થી વધુ સભ્યોને ડીપોર્ટ કરવામાં આવશે અને તેમને અલ સાલ્વાડોર તથા હોન્ડુરાસની જેલોમાં રાખવામાં આવશે. આ મામલે ACLU અને ડેમોક્રેસી ફોરવર્ડ નામની સંસ્થાઓએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. આ મામલે ત્વરિત સુનાવણીની જરૂરિયાત હોવાનું જણાવી જજ બોસબર્ગે કહ્યું હતું કે, ડીપોર્ટેશનની કાર્યવાહીમાં થોડો વિલંબ થવાથી સરકારને કોઈ નુકસાન જવાનું નથી. આ લોકોને સરકારની કસ્ટડીમાં રાખવા જોઈએ અને તેમને કોઈ ફ્લાઈટમાં રવાના કર્યા હોય તો આવા પ્લેન તરત પરત બોલાવવા જોઈએ. ટ્રમ્પે દાવો કર્યો હતો કે, અમેરિકામાં વેનેઝુએલાની ગેંગ ટ્રેન ડે આરગુઆ કબજો જમાવી રહી છે અને તેમને દૂર કરવા માટે 'એલિયન એનિમીસ એક્ટ ૧૭૯૮'નો અમલ કરવો જરૂરી છે.

### ભાજપના નેતાઓની માંગણી

## કેદારનાથ ધામમાં બિન હિન્દુના પ્રવેશ પર પ્રતિબંધની માંગ કરી

। (એજન્સી) કેદારનાથ, તા.૧૭ ।

કેદારનાથમાં હિન્દુઓ સિવાયના અન્ય કોઈ પણ વ્યક્તિને પ્રવેશના નહીં દેવાય અને તેના માટે રાજ્ય સરકાર દ્વારા તૈયારી ચાલી રહી છે તેવો દાવો ભાજપના ધારાસભ્ય આશા નૌટિયાલે કર્યો છે. સાથે જ આરોપ લગાવ્યો છે કે બિનહિન્દુઓ ધાર્મિક સ્થળોએ માંસ, માછલી, દારુ વગેરે વેચે છે એટલા માટે તેમના પ્રવેશ પર પ્રતિબંધ જરૂરી છે. ભાજપના ધારાસભ્ય આશા નૌટિયાલે કહ્યું હતું કે તાજેતરમાં જ પ્રદેશ પ્રભારી સૌરભ બહુગુણાએ આ વિષય પર અધિકારીઓ અને સ્થાનિક લોકોની સાથે બેઠક યોજી હતી. બેઠકમાં એવો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો કે બિનહિન્દુ તત્વો દ્વારા કેદારનાથ ધામને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને તેથી આવા વ્યક્તિઓની ઓળખ કરીને તેમના પ્રવેશવા પર પ્રતિબંધ લગાવવો જોઈએ. ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી હરીશ રાવતે કહ્યું હતું કે આ શિવ ભૂમિ છે, ઉત્તરાખંડ જ નહીં દેશભરમાં એક તરફ દ્વારકા અને પુરીમાં ભગવાન વિષ્ણુ બિરાજમાન છે. એક તરફ રામેશ્વરમ છે તો બીજી તરફ ઉત્તરાખંડમાં કેદારનાથ-બદ્રીનાથ છે. તમે કોને કોને રોકશો? ભાજપના નેતાઓને સનસની ફેલાવવાની ટેવ પડી ગઈ છે. આવા નિવેદનો આપીને ચર્ચામાં આવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. અન્ય ધર્મના લોકો તો આપણા ધાર્મિક સ્થળોએ આવે તો પોતાના પગરખા પણ ઉતારી દેતા હોય છે. જો કોઈ ધાર્મિક સ્થળોને અભડાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય તો તેને અટકાવવાની જવાબદારી સરકારની છે.

## વિશેષ

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની સૌજન્ય મુલાકાતે નેશનલ ડિફેન્સ કોલેજનું પ્રતિનિધિમંડળ

## નેશનલ ડિફેન્સ કોલેજના પ્રતિનિધિમંડળનો તા.૧૭ થી ૨૧ માર્ચ સુધી ગુજરાત રાજ્યમાં અભ્યાસ પ્રવાસ





। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાત રાજ્યમાં અભ્યાસ પ્રવાસ અર્થે આવેલા નેશનલ ડિફેન્સ કોલેજના પ્રતિનિધિમંડળે રાજભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રતિનિધિમંડળના તમામ સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રતિનિધિમંડળ દ્વારા ગુજરાત રાજ્યમાં કરવામાં આવનાર 'આર્થિક સુરક્ષા' વિષય અંગેનો અભ્યાસ તેમના અભ્યાસક્રમમાં અગત્યનું પાસું સાબિત થશે તેવો વિશ્વાસ રાજયપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો. નોંધનીય છે કે, સંરક્ષણ મંત્રાલય હસ્તકની તાલીમ સંસ્થા નેશનલ ડિફેન્સ કોલેજ દ્વારા ભારતીય સશસ્ત્ર દળોના બ્રિગેડિયર અને સમકક્ષ રેન્કના અધિકારીઓ, સંયુક્ત સચિવ/નિયામક સ્તરના વહીવટી સેવાઓના અધિકારીઓ અને ૩૨ મિત્ર દેશોના લશ્કરી અધિકારીઓ માટે 'રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક અભ્યાસ' પર ૪૭ સપ્તાહનો અભ્યાસક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. આ અભ્યાસક્રમ અંતર્ગત અભ્યાસ પ્રવાસ તરીકે વિવિધ રાજ્યોની મુલાકાત લેવામાં આવે છે. જેમાં આર્થિક સુરક્ષા અભ્યાસ માટે નેશનલ ડિફેન્સ કોલેજના શિક્ષકો અને અભ્યાસક્રમના સદસ્યો દ્વારા આઠ જૂથોને ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તમિલનાડુ અને કેરળની મુલાકાત માટે મોકલવામાં આવ્યા છે, જેથી તેઓ આ રાજ્યોના આર્થિક અને સામાજિક વિકાસને સમજી શકે.

આ મુલાકાતનો હેતુ રાજ્યને લગતા વિવિધ પાસાઓનો અભ્યાસ કરવાનો છે. જેમાં આર્થિક અને સામાજિક વિકાસ, IT ક્ષેત્રની પ્રગતિ, પ્રવાસન, ઉદ્યોગ, ગ્રામીણ અને શહેરી વિકાસ અને અન્ય ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે. નેશનલ ડિફેન્સ કોલેજ પ્રતિનિધિમંડળ તેમના અભ્યાસની સાથે મહામહિમ રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી અને વિભાગોના વડાઓની મુલાકાત લેશે, તેમજ રાજ્ય વહીવટીતંત્રના વિવિધ સ્તરે અધિકારીઓ સાથે પણ વાતચીત કરશે. ગુજરાતની મુલાકાતે આવેલા નેશનલ ડિફેન્સ કોલેજ પ્રતિનિધિમંડળ મેજર જનરલ એ.કે. સિંઘ, AVSM, VSM, સિનિયર ડિરેક્શન સ્ટાફ, NDCના નેતૃત્વ હેઠળ આવ્યા છે. આ ટીમમાં ભારતીય સશસ્ત્ર દળો, વિદેશી દેશો અને નાગરિક સેવાઓના અધિકારીઓ છે. આ પ્રતિનિધિમંડળમાં જાપાન, ઉઝબેકિસ્તાન, બાંગ્લાદેશ, ઈરાન, ઓમાન અને તાન્ઝાનિયાના ૬ અધિકારીઓ પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

ન્યૂઝ બ્રિફ

## સાબરકાંઠામાં માનસિક રીતે અસ્થિર યુવકને ઢોર માર મરાયો

**। (એજન્સી) સાબરકાંઠા, તા.૧૭ ।**

સાબરકાંઠામાં વધુ એકવાર માનવતા નેવે મૂકાઈ છે. માનસિક રીતે અસ્થિર યુવકને ઢોર માર મારવામાં આવ્યો છે. હિંમતનગરના આગીયોલ ગામે ચકચારજનક ઘટના બની છે. માનસિક રીતે અસ્થિર યુવકના હાથપગ બાંધીને તેના પર લાકડીઓ વરસાવવામાં આવી છે. એક મહિલા અને પુરુષ દ્વારા તેને અત્યંત ક્રૂરતાપૂર્વક માર મારવામાં આવ્યો છે. આ માર મારનારાઓને જોઈને એમજ લાગે કે તેઓએ જાણે માનવતા નેવે મૂકી દીધી છે. માર ખાનારો ભલે માનસિક રીતે અસ્થિર હોય પણ તેને આ રીતે મરાય ખરો. માનસિક રીતે અસ્થિર યુવકને માર મારવામાં પુરુષ તો હતો પણ તેની સાથે મહિલા પણ જોડાયેલી હતી. માનસિક રીતે અસ્થિર યુવકને ઢોર મારવામાં આવ્યા પછી મંદિરમાં લઈ જઈ પૂરી દેવાયો હતો. માનસિક રીતે અસ્થિર યુવકને માર મારનારાઓએ આક્ષેપ કર્યો હતો કે તેના ઊંચા અવાજના કારણે તેઓને હેરાનગતિ થતી હતી.

## ગેરકાયદેસર ખનન, સંગ્રહ અને વહન અન્વયે ૧૭,૬૯૫ કેસ કર્યા

**। ગાંધીનગર, તા. ૧૭ ।**

વિધાનસભા ગૃહ ખાતે મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લાં એક વર્ષમાં ખનીજ ચોરીના કેસો અંગે પૂછાયેલા પ્રશ્નનો ખાણ અને ખનીજ વિભાગ વતી જવાબ આપતા મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કોઈપણ વિસ્તારમાં ગેર કાયદેસર રીતે ખનીજનું ખનન થતું હશે તેના વિરુદ્ધ કડક પગલાં ભરવામાં આવે છે. ગેરકાયદે રીતે ખનીજના ખનન, વહન અને સંગ્રહના નિવારણ બાબતે રજુઆત અંગે તપાસ હાથ ધરી નિયમ અનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકી જોવા મળતા સંચાલકો અકળાયા

# શિક્ષણ ખાતાના ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરમાં ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકી

### સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્ય સચિવને પત્ર લખીને ભરતી અંગે રજૂઆત કરી

**। (એજન્સી) અમદાવાદ,તા.૧૭ ।**

રાજ્યના શિક્ષણમાં આગામી ૧૦ વર્ષ માટે થનારી ભરતીને લઈને કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. જોકે, આ કેલેન્ડરમાં ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકી જોવા મળતા સંચાલકો અકળાયા છે. સંચાલક મંડળે મુખ્ય સચિવને પત્ર લખીને ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકીનો મુદ્દો રજૂ કરી તેમનો પણ સમાવેશ કરવા માગણી કરી છે. ભરતીમાં ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકીના પગલે ગ્રાન્ટેડ શાળાઓનું ભવિષ્ય અંધકારમય બનશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કે.જી.થી લઈને કોલેજ સુધીના શિક્ષણને ધ્યાનમાં રાખીને ભરતી કેલેન્ડર બનાવ્યું છે. આ ભરતી કેલેન્ડરને જોતા પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી અંતર્ગત કાર્યરત જિલ્લા પંચાયતની શાળામાં કામ કરતા અને ભવિષ્યમાં નિમવામાં આવનારા કર્મચારીઓ ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષક વર્ગ -૩, નિમ્ન પ્રાથમિક શાળાના શિક્ષક વર્ગ -૩ અને ખાસ વિષયના શિક્ષક વર્ગ -૩ આગામી ૧૦ વર્ષમાં કુલ ૮૬૭૪૮ની ભરતી થનારી છે. તેની સામે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, મદદનેશ શિક્ષણાધિકારી મુખ્ય શિક્ષકની મળી કુલ ૧૧૩૩ સાથે કુલ ૮૭૮૮૧ ફક્ત ને ફક્ત જિલ્લા પંચાયતો માટે અને કોર્પોરેશન માટે ભરતી થનારી છે.

જિલ્લા શિક્ષણાધિકારી વર્ગ -૧ની ૪૦, ગુજરાત એજ્યુકેશન સર્વિસ વર્ગ- ૧ની ૫૨૩ અને વર્ગ-૨ની ૯ જગ્યા તથા સરકારી હાયર સેકન્ડરીના શિક્ષક વર્ગ -૩ની ૨૧૧૪, સરકારી સેકન્ડરી શિક્ષક ૧૭૮૮ તથા હેડક્લાર્ક -૮૪, સિનિયર ક્લાર્ક -૧૯૦, જુનિયર ક્લાર્ક- ૧૧૫૨ મળી કુલ ૫૯૦૦ સરકારી કર્મચારીની ભરતી થનારી છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, અંતર્ગત સિનિયર ક્લાર્ક -૫ તથા જુનિયર ક્લાર્ક -૬૭ આમ, કુલ ૭૨ જગ્યા માટે ભરતી થનારી છે. ય્ઝઈઈ્ અંતર્ગત સિનિયર લેક્ચરર વર્ગ-૨ની ૫૯, લેક્ચરર વર્ગ-૩ની ૪૪૧ કુલ ૫૦૦ જગ્યા માટે ભરતી થનારી છે. કમિશનર ઓફ હાયર એજ્યુકેશન અંતર્ગત પ્રિન્સિપલ વર્ગ -૧ની ૩૮, આસી. પ્રોફેસર વર્ગ - ૨ની ૬૦૧, પી.ટી.સી. વર્ગ - ૩ની ૩૫ તથા લેબ આસિસ્ટન્ટની ૯૭ આમ કુલ ૭૭૧ જગ્યાની ભરતી થનારી છે. કમિશ્નર ઓફ ટેકનિકલ એજ્યુકેશનમાં કુલ ૨૦૩૧ જગ્યા ભરવામાં આવનાર છે. NCCમાં ૭૨ જગ્યાઓ માટે ભરતી થનારી છે. આ ભરતી પ્રક્રિયામાં ગ્રાન્ટેડ શાળાઓની બાદબાકી જોવા મળી હોવાનું જાણવા મળે છે. જેના પગલે સંચાલક મંડળ દ્વારા રાજ્યના મુખ્ય સચિવને પત્ર લખીને રજૂઆત કરી છે. સંચાલક મંડળે રજૂઆતમાં જણાવ્યું છે કે, ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ના જાહેરનામાંથી રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગોના શિક્ષકોની ભરતી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે હસ્તગત કરેલી છે અને તે ભરતી માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગ્રાન્ટેડ શાળાઓ કેન્દ્રીય ભરતી સમિતિની રચના કરેલી છે. આમ રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં હાલમાં ખાલી પડેલી અને આગામી ૧૦ વર્ષમાં ખાલી પડનારી શિક્ષકો તથા આચાર્યની જગ્યાઓ સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા દસ વર્ષના ભરતી કેલેન્ડરમાં ક્યાંય કોઈ જાતનો ઉલ્લેખ કરાયો નથી. રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓના શાળા સંચાલક મંડળો હાલ મૂંઝવણમાં છે કે, આગામી વર્ષોમાં વયનિવૃતિ, રાજીનામાં, અકાળ મૃત્યુ, ગ્રાન્ટેડ વર્ગવધારા, જૂના શિક્ષક, અને આચાર્ય કેટેગરીમાં જવાથી ખાલી પડેલી અને પડનારી માધ્યમિક અને ઉ.માધ્યમિકનાં શિક્ષણ સહાયકો સંદર્ભે શિક્ષણ વિભાગે પુર્વ આયોજન કરેલું ન હોવાથી ગ્રાન્ટેડ શાળાઓનું ભવિષ્ય અંધકારમય બનશે.

### વડોદરામાં હિટ એન્ડ રન ઈફેક્ટ

# કોર્પોરેશન અને પોલીસે કારેલીબાગ વિસ્તારના ગેરકાયદેસર દબાણો હટાવ્યા

### કોર્પોરેશન અને પોલીસે કરેલી કાર્યવાહીમાં છ ટ્રક ભરીને ગેરકાયદે દબાણનો સામાન જપ્ત કર્યો હતો

**। (એજન્સી) વડોદરા, તા.૧૭ ।**

વડોદરા શહેરમાં હિટ એન્ડ રન ના બનાવ બાદ તંત્ર એકશનમાં આવ્યું છે અને એરપોર્ટ રોડ, કારેલીબાગ વિસ્તારમાં સંગમ ચાર રસ્તાથી આમ્રપાલી સુધીના રોડ સાઈડના બંને તરફના દબાણો દુર કરવા માટે કાર્યવાહી સમયે હથિયારધારી પોલીસને સુસ્ત બંદોબસ્ત સાથે રાખવામાં આવ્યો હતો. સાથે ટ્રાફિક પોલીસ દ્વારા રોડ પર પાર્ક કરવામાં આવેલા વાહનોને મેમો આપવાની કાર્યવાહી કરવામાં આવી છે. કોર્પોરેશન અને પોલીસે કરેલી કાર્યવાહીમાં છ ટ્રક ભરીને ગેરકાયદે દબાણનો સામાન જપ્ત કર્યો હતો.

વડોદરાના આમ્રપાલી કોમ્પલેક્ષ પાસે હોલીકા દહનની રાત્રે હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. જેમાં એક કાર ચાલકે ત્રણ વાહનોને અડફેટે લીધા હતા. જેમાં એક મહિલાનું મૃત્યું થયું હતું, અને અન્ય ૭ ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના બાદ ગતરોજ સ્થાનિકો દ્વારા અહીંના રોડ પર સ્પીડ બ્રેકર મુકવા તથા દબાણો દુર કરવાની માંગ સાથે ઉગ્રસ્તરે મીડિયા સમક્ષ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. જેના પડઘા આજે પડ્યા હોય તેમ લાગી રહ્યું છે.

આજે સવારે સંગમ ચાર રસ્તાથી આમ્રપાલી કોમ્પલેક્ષ સુધીના દબાણો દુર કરવા માટે પાલિકાની દબાણ શાખાની ટીમો પહોંચી છે. જેમાં રોડ સાઈડ મુકવામાં આવેલા લારી, ગલ્લા તથા શેડના દબાણો દુર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી સમયે કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે હથિયાર ધારી પોલીસનો સ્ટાફ સાથે રાખવામાં આવ્યો છે. આ તકે સ્થાનિક લારી ધારકે મીડિયા સમક્ષ પાવતી બતાવીને કહ્યું કે, હું પાલિકાની પાવતી નિયમિત રીતે ભરું છું. છતાંય તેઓ મારી લારી લઈ જઈ રહ્યા છે. હવે હું શું કરું તે ખબર નથી પડતી.

રોડના બંને તરફના દબાણો દુર કરતા સ્થાનિકોની રજુઆત રંગ લાવી તેવો અહેસાસ થઈ રહ્યો છે. કાર્યવાહીમાં રોડ પર પાર્ક કરીને રાખેલા વાહન ચાલકોને ટ્રાફીક મેમો આપવામાં આવશે તેવું સુત્રો જણાવી રહ્યા છે. જો કે, સ્થાનિકોનું માનવું છે કે, અહિંયા પેટ્રોલ પંપ પાસે સાંજના સમયે શાકભાજી માર્કેટ ભરાય છે. જેને લઈને ટ્રાફિક જામની સ્થિતી સર્જાય છે. જો આ કામગીરી સાંજના સમયે કરવામાં આવી હોત તો ખરા અર્થમાં દબાણો દુર કરી શકાત. હવે પાલિકાનું તંત્ર શાકમાર્કેટના દબાણો અંગે શું કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

## યોગા એક્સપ્રેસ, ગાંધીનગર-જમ્મુતવી અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

**। અમદાવાદ, તા.૧૭ ।**

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-પાલનપુર સેક્શનના પાલનપુર-ઉમરદશી સ્ટેશનો ની વચ્ચે અપ લાઈન કિમી ૬૫૮/૩૩-૩૫ પર બ્રિજ નં. ૮૮૦ ના પુનર્નિર્માણના સંદર્ભમાં એન્જિનિયરિંગ કાર્ય માટે માર્ચ ૨૦૨૫ ના રોજ પ્રસ્તાવિત બ્લોકને કારણે ત્રણ ટ્રેનો ડાયવર્ટ કરેલા રૂટ થી દોડશે પરિવર્તિત માર્ગ થી ચાલશે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

પરિવર્તિત માર્ગ થી ચાલનારી ટ્રેનો

૧. ૧૮ માર્ચ ૨૦૨૫ ના રોજ સાબરમતી થી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર ના બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા પાટણ-ભીલડી-પાલનપુર ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર-સ્ટેશનો પર જશે નહી.

૨. ૧૮ માર્ચ ૨૦૨૫ ના રોજ ગાંધીનગર કેપિટલથી ચાલનારી ટ્રેન નં. ૧૯૨૨૩ ગાંધીનગર કેપિટલ-જમ્મુ તવી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર ના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા-પાટણ-ભિલડી-પાલનપુર ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

૩. ૧૭ માર્ચ ૨૦૨૫ ના રોજ દૌલતપુર ચોકથી ચાલનારી ટ્રેન નં. ૧૯૪૧૨ દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ, નિર્ધારિત માર્ગ પાલનપુર-ઊંઝા-સિદ્ધપુર-મહેસાણા ને બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભિલડી-પાટણ-મહેસાણા ના રસ્તે ચાલશે અને ઊંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.


